ફક્ત-ગ્રાહકો માટે—

# શ્રીસિદ્ધચક્ર.

વર્ષ-૨૦-અંક-૫ મો.　　તન્ત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી.　　માહ-માસ.

यस्य स्वरूपं समवाप्य मुक्तिं, गच्छन्ति लोकाः कलुषान् विहाय।
तत्सिद्धचक्रं भुवि वर्णनीयं, धर्म्यं नमामो वयमत्र भक्त्या॥ १॥

**ભાવાર્થ.**—જેનું સ્વરૂપ પ્રાપ્ત કરીને કલુષને (પાપને) છોડીને ભવ્યાત્માઓ મોક્ષને પ્રાપ્ત કરે છે, અને જે ધર્મથી યુક્ત, સંસારમાં વખાણવા યોગ્ય છે; તે સિદ્ધચક્રને અત્ર અમે ભક્તિ બહુ માનપૂર્વક નમીયે છીયે. **સૂ૦**

## જૈનશાસનનો માર્ગ.

આલેખનકારઃ—**પ૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય.**

આસન્નોપકારિ-અંતિમ તીર્થંકર શ્રીવીરવિભુના શાસનની પ્રભાવના કરનાર શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે સકળ સિદ્ધાંતોને પુસ્તકારૂઢ કરાવવા માટેની જહેમત ઉઠાવી તેના ફલરૂપે ઐતિહાસિક-વલ્લભી વાંચના એ શાસનપ્રસિદ્ધ છે. એટલુંજ નહિં પણ અદ્યાપિ પર્યંત સર્વજ્ઞ ભગવન્તના વિરહકાળમાં સર્વજ્ઞ સદૃશ તરીકે તેને માટે "पुस्तकीकृतः शिद्धान्तः"ની ઉદ્‌ઘોષણા ચાલુ છે, અને ચાલુ રહેશે. પરંતુ શાસ્ત્રીય વચનો વિધિ-નિષેધના છે કે ઉત્સર્ગ-અપવાદાદિનાં છે? તેના નિર્ણય માટે પૂર્વાપરનું પર્યાલોચન કરવા માટે પૂજ્ય-ગીતાર્થ ભગવંતોની અવશ્યમેવ જરૂર છે. એટલે પૂર્વે પુસ્તકો પર સિદ્ધાંતો નહોતા તે સિદ્ધાંતો પુસ્તકો પર સ્થિત થયા, પરંતુ તે સિદ્ધાંતોના અમલ કરનારાઓ ગીતાર્થ પૂ. ભગવંતોની નીતિ-રિતિ-વ્યવહારનો જરૂર આશ્રય લેઈને વર્તે તોજ એ વાક્ય "પુસ્તકી કૃતઃ સિદ્ધાન્ત" સ્વરૂપે સફલીભૂત નીવડે તેમ છે, અન્યથા નહિં.

આથી એક વાતનો એ નિર્ણય સ્પષ્ટ થાય છે કે અંતિમ-પ્રભુ શ્રીમહાવીરના શાસનમાં લગભગ નવસો ઉપરાંત વર્ષો સુધી અંગ-ઉપાંગ-નિર્યુક્તિ-ભાષ્યાદિ સર્વ સાહિત્યને

(વધુ માટે જુઓ-ટાઈટલ પેજ ૨ જું.)

વી૦-સં ૨૪૮૦.
વિ સં ૨૦૧૦.
ઈ. સ. ૧૯૫૪.

પ્રકાશિકા—
શ્રી સિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ.
C/o ચીમનલાલ સવાઈચંદ સંઘવી,
ઠે. ગોળશેરી, ગલેમંડી-સુરત W. Rly.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના-
રૂ. ૦-૪-૬

( ટાઈટલ પેજ પહેલાથી ચાલુ )

શ્રમણુ ભગવંતો મુખ પાઠ રાખતા હતા. અને મંદ-મેધાદિના કારણોને લીધે તે સિદ્ધાંતો વિસરાતાં દેખીને પૂ૦ શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમ શ્રમણની નિશ્રામાં સકલ શ્રમણ ભગવંતોને સાથે મળીને સકલ સિદ્ધાંતોને પુસ્તકારૂઢ કરાવ્યાં. તે પછી દરેકે દરેક સિદ્ધાંતોમાં-વિચારોમાં-વર્તનોમાં-ક્રિયાકાંડોમાં અને આચરણાઓમાં પુસ્તકારૂઢ સિદ્ધાન્તોજ સાક્ષીરૂપ છે એ અત્ર સમજવું આવશ્યક પ્રાસંગિક છે. પરંતુ પુસ્તકારૂઢ-શાસ્ત્ર સિદ્ધાંતો પ્રમાણે બધું કરવુંજ જોઇએ એવી ગંભીર ભૂલ કે ઢંગધડા વગરની ઉતાવળ કોઇએ કરવી ન જોઇએ. કારણ કે-પૂ૦ શ્રીયશોવિજયજી ઉપાધ્યાયજી જગો જગો પર જણાવે છે કે-શાસ્ત્રના વચનોની સાથે સંવિગ્ન ગીતાર્થની નીતિ-રિતિ વ્યવહારોને સુસંગત કરવાની જરૂર છે, અને પૂ-સંવિગ્ન-ગીતાર્થોની નીતિ-રિતિ-વ્યવહારોની સાથે શાસ્ત્ર મર્યાદાઓ સુસંગત રહી શકે છે; અન્યથા નહિં. શાસ્ત્રને પકડવા જતાં અને સંવિગ્ન ગીતાર્થોની નીતિ-રિતિ-વ્યવહારને ભૂલવામાં ગંભીર નુકશાન થાય છે. જુઓ વયપર્યાયમાં સ્થવિર હોવા છતાં "શાસ્ત્ર અનુસાર જે નવિ હઠે તાણીએ" એ સાડી ત્રણસો ગાથાના સ્તવનના વચનો પૂ૦ શ્રીયશોવિજયજીના છે એમ કહેવા સાથે ઉચ્ચાર કરીને ભોળા-ભદ્રિક જીવોને નૂતન તિથિમાં ભરમાવે છે, પરંતુ તેની સામે તેજ મહાપુરૂષ શ્રીયશોવિજયજી ઉપાધ્યાયજીના વચનો નીચે મુજબના જ્યારે ઉચ્ચારાય છે—"માર્ગ સમયની સ્થિતિ તથા સંવિગ્ન બુધની નીતિ, એ દોઈ અનુસારે ક્રિયા જે પાલે હો તે ન લહે ભીતિ ॥૧॥ સાહિબજી૦" ત્યારે તો વયોવૃદ્ધ પર્યાય સ્થવિરની નૂતન તિથિ મતાદિ માન્યતાઓની મહેલાતો હચમચે છે. અને તેઓને સ્વમુખે કહેવું પડે છે કે-ભાઇઓ તીથિ ચર્ચા મુકીને હવે આપણે બીજી શાસનમાન્ય વાતોમાં સાથે રહીને નવનવીન ઉપસ્થિત ચર્ચાનો સામનો કરીએ. પરંતુ યાદ રાખવું જોઇએ કે નૂતન તિથિમત પ્રચાર એ પણ શાસન-માન્ય પરંપરાના કલ્પવૃક્ષમાં ઘા કરનાર છે. શાસન માન્યતાથી વિરોધ કરનારી ચર્ચામાં નૂતન તિથિ પ્રચાર ચર્ચાએ અગ્રેસરપણે ઘા કરનારી છે. આથીજ શાસન રસિક ભવ્યાત્માઓએ શાસ્ત્રની સાથે સવિગ્ન ગીતાર્થોએ આચરેલ આચરણાને પણ બહુમાન પૂર્વક આદરવીજ જોઇએ.

એકવીસ હજાર વર્ષના શાસનમાં શાસનનો માર્ગ શાસ્ત્ર સિદ્ધાંત સાથે સંવિગ્ન ગીતાર્થની નીતિ-રીતિ-વ્યવહાર પ્રમાણે ચાલ્યો છે, ચાલે છે, અને ચાલશે; તે નિર્વિવાદ સત્ય સ્વીકરણીય છે. આથીજ જૈન શાસનનો માર્ગ પૂર્વે આ રીતે હતો, છે; અને રહેશે.

# પરિચય.

## કલિકાલ સર્વજ્ઞ ભગવાન્-શ્રીહેમચન્દ્રસૂરિપુરંદર માટે દશે દિશામાંથી ગવાતાં યશોગાન.

ખાસ પ્રસંગે પધારેલા ડૉ. પિટર્સન પુનાની ડેક્કન કૉલેજમાં એક અવસરે બ્રાહ્મણ-વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કલિકાલ-સર્વજ્ઞ-ભગવાન્-શ્રીહેમચન્દ્રાચાર્યનો પરિચય કરાવે છે. પરિચય માટેના ભાવાર્થરૂપે શબ્દો નીચે પ્રમાણેના હતા.—

"હે મ્હારા વ્હાલા વિદ્યાર્થીઓ! આજ હું તમારી સમક્ષ એક મહાપુરુષનું ચરિત્ર કહેવા ઉપસ્થિત થયો છું. જો કે તે મહાપુરૂષ તમારા ધર્મના સંસ્થાપક-સંચાલક-કે પ્રવર્તક નહોતા, તેથી તમે તેમનું જીવન સાંભળવાની ઉપેક્ષા કરશોજ નહિ. કારણ કે જે તમારો દેશ હિંદુસ્તાન તે આ ભારત દેશના તેઓશ્રી ઝળકતા કોહિનુર સમાન હતા."

# ૨૪૦ આગમોદ્ધારકની અમોઘ-દેશનાનો સારાંશ-૪

નોંધઃ—વિ૦ સં. ૧૯૮૫ માં શ્રી જામનગર મુકામના ચાતુર્માસમાં આગમોદ્ધારક પૂજ્યપાદ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી**એ પ્રથમ વ્યાખ્યાનમાં શ્રી સૂત્રકૃતાંગની અમોઘ દેશના આપેલી હતી, તે દેશનાઓના સારભૂત અવતરણો પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે પૂજ્ય-આચાર્યદેવ-**શ્રીચંદ્રસાગરજી** પાસે તૈયાર કરાવીને અત્ર અપાય છે.

લિ૦ **તન્ત્રી.**

## સારાંશના સારભૂત—અવતરણો

૧. દરેક ક્રિયામાં ત્રણ વસ્તુ હોય છે, અને તે કર્તા, કરણ અને કર્મ કહેવાય છે. આથી વિદારણ ક્રિયામાં પણ ત્રણ છે.

૨. ભાવ-વિદારણ ક્રિયામાં કર્મનું વિદારણ કરવાનું હોવાથી કર્તા તરીકે વાસ્તવિક સાધુઓ છે.

૩. વાયરાથી સૂકાયેલાં ઝાડો ભાંગી જાય છે, તેથી ભાંગનારા કઠીયારા ન કહેવાય.

૪. પાકતી મુદતે, કાપતી મુદતે અને અધુરી મુદતે હુંડી પતાવનારા શરાફોની શાહુકારી સમજતાં શીખો.

૫. ઉદયમાં આવેલાં કર્મોને હરકોઇ જીવોને હસતાં કે રોતાં ભોગવેજ છે, તેથી તે ભાવ-વિદારક નથી.

૬. હસતાં આવેલા પરોણાની અને રોતા આવેલા પરોણાની પરોણાગતમાં માલીકનું વર્તન તપાસો.

૭. કર્મોને હસતાં ભોગવવાથી દેવું પતશે અને જમા થશે, પરંતુ કર્મોને રોતાં ભોગવવાથી ખુશામત કરવી પડશે; અને વધારામાં વ્યાજ ભરવું પડશે.

૮. ઉદયમાં નહિં આવેલા કર્મોને ઉદયમાં લાવીને ભોગવે તેજ શાસન માન્ય-શાહુકાર.

૯. સાધુઓનું એકજ કર્તવ્ય છે કે કાચી મુદતે કર્મની હુંડીને વટાવી નાંખતા શીખો.

૧૦. હુંશીઆર શાહુકાર જમા માંડવામાં ઉતાવળ કરે નહિં, અને જમા રકમોને લેવા આવેલાઓ માટે વિલંબ કરેજ નહિં.

૧૧. આર્યદેશમાં કર્મ લણાય તેમ નહોતાં, માટે પ્રભુ શ્રીમહાવીર અનાર્યદેશમાં અનાર્યો પાસે કર્મ લણાવી નાંખવા ગયા.

૧૨. કર્મની ઉદીરણા કરવા માટેજ વિહાર-લોચ ઉપવાસાદિનું સેવન છે.

૧૩. પરિષહ-ઉપસર્ગોના અવસરે આનંદિત થઇને કર્મ ભોગવતાં શીખો.

૧૪. છતી મિલ્કતે દેવું ઉભું રાખનારો મૂર્ખ છે, તેવી રીતે છતી સામગ્રીએ કર્મનું દેવું ઉભું ન રાખો.

૧૫. માયા-મમતા છોડવા માટે સાધુઓ હંમેશાં ઉદ્યમશીલ હોય છે.

૧૬. ગૃહસ્થપણા કરતાં સાધુપણાની કિંમત નહિં સમજનારાઓ મનગમતું બોલીને પાપ બાંધે છે.

૧૭. શ્રદ્ધાની શૂન્યતાવાળાઓ સાધુપણાની વગોવણી કરે છે.

૧૮. જેટલું સાધન બલવત્તર હોય તેટલું કાર્ય બલવત્તર બને છે.

૧૯. કર્તાની ક્રિયાઓ સાધનને આભારી છે.

૨૦. ભાવ વિદારણની ભવ્યતા સમજવા માટે પ્રયત્નશીલ બનો.

૨૧. કર્મ વિદારણ અંગે અપનીતાદિ વાકયોના પ્રકારોને સમજતાં શીખો.

૨૨. નિન્દાના હલકાં વાકયો ઉચ્ચારવાં વિગેરે તે અપનીત વાકયપ્રકાર છે.

૨૩. પ્રશંસાના વાકયો ઉચ્ચારવા વિગેરેના કાર્યને ઉપનીત વાકયો કહેવાય છે.

૨૪. લાકડાં-કપડાંને અંગે કુહાડો અને કાતર એ દ્રવ્ય સાધન છે, તેવી રીતે કર્મવિદારણ અંગે દર્શનાદિ સાધનોને સમજવાની જરૂર છે.

૨૫. ભાવનું વિદારણ પ્રસંગે થાય છે, જેમકે- "ઘણાં દાન દીધાં છતાં કંઈ ન વળ્યું, તો વર્તમાનમાં દાન દેવાથી શું?" આવું બોલવામાં ભાવ પલટાઈ ગયો એટલે ભાવનું વિદારણ થયું.

૨૬. ભાવ-પરિણામાદિના વિદારણ પ્રસંગો અનુભવાદિથી પારખી શકાય છે.

૨૭. દીક્ષાના વિરોધિઓને એક પણ દીક્ષા અનુમોદનીય નથી.

૨૮. આઠ વર્ષનો બાળક શું સમજે? મા-બાપ-બૈરીના પોષણની જવાબદારી છોડનારો યુવાન દીક્ષા લઈને શું કરશે? અને વૃદ્ધ થયેલો દીક્ષા લઈને શાસનને ભારભૂત થનારો શું કરશે? આવા વિરોધિઓને એક પણ અવસ્થા દીક્ષાને યોગ્ય દેખાતી નથી.

૨૯. દીક્ષાથી પડનારાઓને પણ પ્રભુ શ્રીમહાવીર દીક્ષા આપે છે, તે પ્રસંગોને સમજતાં શીખો.

૩૦. દીક્ષાના વિરોધિઓને પૂછો કે દીક્ષા લેવાની વય કઈ?

૩૧. વાંદરો જેમ ઝુંપડી બાંધવા સમર્થ નથી, પણ સુગરીના માળાને ભાંગવા સમર્થ છે; તેવીજ હાલત દીક્ષા-વિરોધિઓની છે.

૩૨. "ખંડન શૈલિએ ઉપદેશ દેવા કરતાં મંડન શૈલિએ ઉપદેશ દેવો" એવું કહેનારાઓ શાસનનું રક્ષણ કરવાને બદલે શાસનનું ભક્ષણ કરે છે.

૩૩. દીક્ષાના વિધાન કરનારનેજ દીક્ષાનો નિષેધ કરવાનો હક છે તે વાત ધ્યાનમાં રાખો.

૩૪. દીક્ષાના વિરોધિઓ એ ચારિત્રરુપ ભાવ-પરિણામના વિદારક છે એટલે ચારિત્રધર્મના નાશક છે.

૩૫. અટ્ઠાઈ કરનારે પારણામાં ધ્યાન ન રાખ્યું તે સમજવું નથી, પણ શરીર બગડયું તે અટ્ઠાઈના ઉપવાસોથી થયું એમ કરીને તપશ્યાને વગોવવી છે.

૩૬. સંઘ કાઢનાર સંઘવીએ રાખવી જોઈતી સાવધાની ન રાખી તે જોવું નથી, પણ સંઘ કાઢનારા દુ:ખી થાય છે; એ વાતને આગળ કરીને શાસન પ્રભાવનાદિના ધર્મને વગોવવો છે.

૩૭. જૈન શાસનમાં કર્મ વિદારક શ્રમણ ભગવંતો છે.

૩૮. ઓપરેશન કરનાર દાક્તર ઓપરેશન અંગેના ઓજાર વગર નકામા છે, તેવી રીતે કર્મ વિદારણના ઓજાર વગર સાધુ પણ નકામા છે.

૩૯. લાકડાં વ્હેરનાર રંગ ભરેલો દોરો છાંટીને લાકડાં વ્હેરે તો તેનાથી સીધાં વ્હેરાય છે, તેવી રીતે કર્મ વ્હેરનારે પણ દર્શનરૂપ દોરો છાંટીને કર્મ વ્હેરવાં જોઈએ.

૪૦. કર્મવિદારણના મર્યાદાદર્શક દર્શનરુપ દોરા તરફ ધ્યાન રાખો.

૪૧. દાન-શીયળ-તપોધર્મ-ભાવ-સંયમ-જ્ઞાન અને ચારિત્રની સેવના એ નિર્ગ્રંથ પ્રવચનની મર્યાદાએ સેવવાનું ધ્યાનમાં રાખો.

૪૨. જૈન—શાસન—માન્ય વિચારો અને વર્તનો એ સર્વનો આધાર દર્શનરુપ દોરાને અવલંબે છે.

૪૩. દર્શનરૂપ દોરીના છંટકાવ પર ધ્યાન રાખનારને સઘળાં સાધ્યો વિરામ પામીને એકજ મોક્ષ પ્રાપ્તિનું સાધ્ય નિયમિત થઇ જાય છે.

૪૪. સમ્યગ્દર્શનથી જીવન નિયમિત થઇ જાય છે, અને તે પછી જ્ઞાન–સંયમ–તપ કાર્ય–સાધક બને છે.

૪૫. જ્ઞાનની વૃદ્ધિ કરીને ભાર વધારવાનો નથી, પણ કર્મવિદારણમાં ઉપયોગી બને તેવું તે જ્ઞાનને કાર્યસાધક બનાવતાં શીખો.

૪૬. જ્ઞાનીઓ તપોધર્મના વિરોધી ન હોય, પણ તપોધર્મની ખાસ જરૂર છે એમ સ્વીકારનારા હોય છે.

૪૭. "તપોધર્મની સેવનામાં જ્ઞાનપ્રાપ્તિનો માર્ગ અડચણરુપ છે." એવું બોલનારને સમ્યગ્જ્ઞાનની વાસ્તવિકતા સમજાઈજ નથી.

૪૮. અષ્ટપ્રવચન માતાના જ્ઞાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા ઘણા છે, છતાં વિશિષ્ટજ્ઞાનિ-પૂર્વધરાદિના જ્ઞાનની નિંદા ન કરાય.

૪૯. "આ તપસ્વીઓ તો લાંઘણ કરનારા છે" આવું બોલનારાઓને દર્શનની દોરીના છાંટણા દેખાતા નથી, અને સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં પણ દેખાતું નથી.

૫૦. જ્ઞાનના બ્હાના નીચે તપોધર્મને ખસેડનારાઓ શ્રદ્ધાહીન અને અણસમજુઓ છે.

૫૧. જ્ઞાનરુપ અજવાળાના બ્હાના નીચે તપોધર્મરુપ કરવતને બુઠ્ઠી થવા ન દો.

૫૨. જૈનશાસને તો યોગોદ્વહન કરવાનું પહેલાં અને આવશ્યકસૂત્ર-દશવૈકાલિકનું ભણતર પછી એમ નક્કી કર્યું છે; આથી તપોધર્મનું સેવન પ્રથમ અને જ્ઞાનપ્રાપ્તિ પછી કરવાની નિયમિત છે.

૫૩. સંયમ એ કર્મરૂપ લાકડાં વ્હેરવા માટેનું ટેકણ છે તે ધ્યાનમાં રાખો.

૫૪. અસંખ્ય જીવોના કચ્ચરઘાણ કાઢનારાઓ એક જીવનું કલ્યાણ કરવાની વાતો કરે છે, તેવાઓને સંયમના સ્વરુપની પિછાણ નથી.

૫૫. દુનિયાદારીની ચીજના (લાકડાં કપડાં વિગેરેના) વિદારકો તે દ્રવ્યવિદારક છે, અને કર્મના વિદારકો તે ભાવવિદારક છે.

૫૬. સંસારનો વહીવટ દરેક જીવો માટે કર્મરાજાના વહીવટદારોની મેનેજમેન્ટ મુજબ ચાલે છે.

૫૭. સમ્યક્ત્વ-વિરતિ–અકષાય–જ્ઞાન–તપોધર્મને છોડનાર–જીવોના વહીવટ કર્મરાજાની દેખરેખ તળે ચાલે છે, કારણકે લગભગ જીવ તે સ્થળે પરાધીન હોય છે.

૫૮. આશ્રવના દ્વાર બંધ નહિં કરનારાઓની ધાર્મિક ક્રિયા પણ આંધળો વણે, અને વાછરડો ચાવી જાય; તેના જેવું થાય છે.

૫૯. શત્રુના કિલ્લા તાબે કરનારને વહીવટની ચોખવટ રાખવી જોઈએ નહિંતર પરિણામ ઉલટું આવે છે; એટલે વિજય પણ પરાજયમાં પલ્ટાઈ જાય છે.

૬૦. નિર્જરા કરનારાઓએ ધ્યાનમાં રાખવું કે નિર્જરાની પૂર્વભૂમિકા સંવરમાં સમાયેલી છે.

૬૧. સંસારમાં દોટ મૂકનારાઓના છઠ્ઠ–ઉપવાસ–આયંબિલના લાભ કરતાં પૌષધપૂર્વકનું એકાસણું કરનારનો લાભ વધી જાય છે તે ધ્યાનમાં રાખો.

૬૨. બાલ્યકાળમાં જીવ પાંચ શેર વજન ઉપાડી શકતો નથી, પરંતુ તેજ માણસ ભર યુવાવસ્થામાં અડધો મણ ભાર સહેલાઇથી ઉપાડી શકે છે; તો પછી તે શક્તિ શરીરની કે જીવની ?

૬૩. સાધનોની સબળતા અને નિર્બળતા ઉપર કર્તાની સફળતાનો આધાર છે.

૬૪. આહાર એ સંયમનું સાધન છે અને આહારથી પુષ્ટ થયેલ કાયાને સંયમકાય કહેવાય છે; છતાં આહારને, અને સંયમકાયને પણ છેવટનાં વોસિરાવવાં પડે છે.

૬૫. આંધળો અવિવેક અને મુંઝવણભરી મમતા આ બન્ને દુર્ગુણો પણ મરનાર જીવનો પલ્લો છોડતાં નથી.

૬૬. ભવાંતરમાં મિલ્કત લઈ જવાની હોય તો પરિણીત સ્ત્રી માટે પણ બે રૂપિયાની બાજરી આ જીવ રાખત કે કેમ? તે ગુંચવણભર્યો પ્રશ્ન છે.

૬૭. ચકરીના દરદમાં ડાહ્યા-મૂર્ખા બધા બેભાન હોય છે, તેમ મોહની ચકરીમાં લગભગ બધા પાગલ હોય છે.

૬૮. ચોખાના ઉભરા વખતે ચોખા રાંધનારો સાવધાની ન રાખે તો રંધાતા ચોખા ચૂલામાં જાય, તેવી રીતે મરતી વખતે ધર્મકરણીની અનુમોદના ન આવે તો જીતી બાજી હારી જવાય છે; એ ધ્યાનમાં રાખો.

૬૯. અવિવેકથી પાપ આવે છે, પણ પુણ્ય તો વિવેકપૂર્વકનું કર્યેજ થાય છે.

૭૦. રોગ ઉત્પન્ન થવામાં કારણ મેળવવાં પડતાં નથી, પણ મટાડવામાં કારણો મેળવવાંજ પડે છે.

૭૧. નિર્મળ શ્રદ્ધાવાળાને જમાલી ખોટો જણાય છે, અને પ્રભુ મહાવીર સાચા લાગે છે.

૭૨. શાસનમાન્ય-ઝવેરાત જોખવાનો કાંટો પ્રતીતિ-રુચિપૂર્વકની સૂક્ષ્મ-બુદ્ધિ છે.

---

## ભાવવિદારક સાધુઓ કેમ?

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રની નિર્યુક્તિમાં શ્રીભદ્રબાહુસ્વામિજી આ મુજબ જણાવી રહેલ છે કે 'વેયાલિય' ઉપરથી વિદારક કર્યું એટલે વિદારણ ક્રિયામાં ત્રણ વાનાં હોય છે. ૧ ફાડનાર કોણ?, ૨ ફડાય શાથી?, અને ૩ ફાડવાનું શું?; એ ત્રણ વાનાં અવશ્ય હોય છે. વિદારણ કરનારા બે પ્રકારના છે. એક લાકડાંને ફાડનારા કઠીયારાઓ વિગેરે છે, તથા બીજા કર્મને ફાડનારા સાધુઓ છે. અહિં ફાડવાના લાકડાંરુપ કર્મ લેવાના છે. કર્મને વિદારવા તે ભાવવિદારણ છે. વિવક્ષિત ક્રિયાએ સહિત જે અર્થ તે ભાવ છે. ભાવમાં મુખ્યતાએ દ્રવ્યને લેવું પડે. જો વિદારક મોક્ષની સાધ્યતાએ પ્રવર્તતો હોય, તો ભાવવિદારક છે. લાકડાં ચીરવાથી કોઇને પણ મોક્ષ મળતો નથી, માટે કર્મને વિદારે છે તેજ ભાવવિદારક છે. કર્મને ભોગવનારા બધા સંસારી જીવો છે. કર્મનો અનુભવ કરવો એટલે વિપાક ભોગવવો, એટલે કર્મ ભોગવીને નિર્જરા કરવી. અહિં કર્મ તૂટે એમ કહેવું પડે છે. ચૌદ રાજલોકમાં કોઇ જીવ એવો નથી કે જે કર્મને વિદારતો નથી. જેને કર્મ હોય તેને વિદારવાનું હોય. જગતના બધા કર્મને વિદારવાવાળા છે, તો પછી એકલા સાધુને ભાવ-વિદારક કેમ ગણ્યા? આ સમાધાન આગળના પેરેગ્રાફમાં સમજો.

## કાચી મુદતે વટાવનારા

વાયરાથી લાકડાં ભાંગી જાય પણ તેથી વાયરાને કઠીયારા ગણાય નહિ. પ્રાપ્તકાળના કર્મોને તોડે તે સાધુ, અને તેથી તે ભાવ વિદારક છે. હુંડી કાપતી મુદતે લઇને સ્વીકારે તે શરાફ, અને પાકતી મુદતે સ્વીકારે તે પણ શરાફ; કારણકે શાહુકારી તો બધે રહી છે. જેમ અરધી મુદતે માંગે તો પણ શાહુકાર ના પાડે નહિ, તેમ ઉદયમાં આવેલા કર્મોને તો સૌ કોઈ તોડે છે. 'પધારો!' એમ પરોણાને કહેવું પડે છે, છતાં તે પરોણાઓને શું જમાડયા વિના ચાલે? નહિંજ. રોતાયે પરોણા આવે, અને હસતાયે પરોણા આવે; પરંતુ ભાવ ઉલ્લાસ હોય તો ઘીના કુલ્લાંએ ખાલી કરો, પરંતુ તેથી તે સ્થળે સુપાત્રદાન કહેવાય તો નહિંજ.

કર્મ હસતાં કે રોતાં ભોગવવાનાં છે તો કર્મોને હસતાં ભોગવવામાં, અને રોતાં ભોગવવામાં ફરક કેટલો પડવાનો છે? કર્મોને હસતાં ભોગવવાથી તો દેવાના બદલામાં જમા થશે, અને કર્મને રોતાં ભોગવવામાં તો ખુશામત કરવી પડશે; અને વધારામાં વ્યાજ આપવું પડશે. ઉદયમાં

આવેલા કર્મને ભોગવ્યા વિના હરકોઈ જીવનો છુટકો નથી. ઉદયમાં નહિ આવેલા કર્મોને ભોગવે તે શાહુકાર. કર્મ ઉદયમાં નહિ આવ્યાં એટલે શું? અને કર્મો ઉદયમાં આવ્યા વિના ભોગવાયજ નહિં, એ બે વાત શી રીતે માનવી? હસતાં કર્મ ભોગવવામાં કર્મ ઉધરાઈ જાય, કર્મનું દેવું અપાઇ જાય છે; અને રોતાં કર્મ ભોગવવામાં ઉધારાય તો ખરાં પણ તેથી વધારે બીજાં કર્મ બાંધે છે તેથી જમા થાય, કે જેને વળી જમા કરેલું કર્મનું દેવું પાછા ભોગવ્યેજ છુટકો થાય. કાચી મુદતે હુંડી સ્વીકારી છે તે સ્વીકારાઈ અને માંડી પણ વળાઇ. પરંતુ પાકી મુદતે હુંડી ઉભી રાખીને નાણાં કોઇ આપતા નથી, હુંડી માંડી વાળીને આપે છે. તેમ ઉદય તો થાય છે. એક કર્મોનો ઉદય સ્વયં એની મેળે થાય છે, અને બીજો આપણે જાણી જોઇને તપશ્ચર્યાદિના સેવનથી કરીએ છીએ. સાધુનું એકજ કર્તવ્ય છે કે કાચી મુદતે હુંડી વટાવી નાંખવી. બજારમાં નાણાંની તંગીનો હલ્લો હોય છે, તો 'તમારાં નાણાં લઇ જાઓ' તેમ આપણે કહીએ છીએ? કદાચ તગાજે કરીને લઈ પણ જાય. મોક્ષની ઇચ્છાવાળાને કર્મના ઉદયનો ભય રહે માટે જલ્દી કર્મ ખપાવવા ઉદીરણા કરે છે. શાહુકાર ચડતીના વખતમાં જમાપાસારૂપ દેવું કાઢી નાંખે. કર્મનો તો ઢગલો મોટો પડેલો છે, તેથી મોક્ષમાં જનાર આત્મા ઉદયમાં નહિ આવેલાં કર્મોને ઉદીરણા કરીને (કર્મો ઉદયમાં લાવીને) ખપાવે છે. આથીજ કાચી મુદતે હુંડી વટાવનારાઓ સાધુઓ છે.

## ઉદીરણાનું રહસ્ય

શ્રી મહાવીર મહારાજા કર્મોને જલ્દી ખપાવવા માટે જાણી જોઇને અનાર્ય દેશમાં ગયા. કારણકે ત્યાં જવાથી ઉપસર્ગો થાય. ખેતી બધી તૈયાર થઇ હોય, પણ એકલાથી ખેતી લણાય તો લણી નાંખે; પરંતુ પુરતા માણસ ન હોય તો માવઠાં કે ચોર વિગેરે બીજાનો ભય હોવાથી નોકર રાખીને પણ લણાવી નાંખે. આર્ય દેશમાં કર્મ લણાય એટલાં સાધન નથી, માટે અનાર્યરૂપી મજુરીયા મારફત કર્મ લણાવવા અનાર્યદેશમાં ગયા. મુનિઓ પણ લોચ, વિહાર વિગેરે તેટલા માટે કરે છે. કર્મનો ઉદય નથી તેને ખેંચીને સન્મુખ કરવો, અને ભોગવીને તોડી દેવો તેનું નામ ઉદીરણા છે. દુઃખનાં કારણો કર્મની ઉદીરણા કરી તોડી નાંખવા માટે છે. ગાડીમાં બેસવાનું નથી મળતું તેથી સાધુઓ ચાલે છે, એમ નહિં, ખાવા નથી મળતું માટે તેઓ ઉપવાસ કરે છે એમ નથી; ભૂખ લાગે છે એમ જાણે છે પણ કર્મની ઉદીરણા કરીને કર્મો તોડવાં છે માટે આ બધું કરે છે. પોતાની પાસે મિલ્કત હોય તો દેવું શા માટે ઉભું રાખવું? સાચો શાહુકાર જમા રાખતી વખતે 'ના' કહે. ઉધાર વખતે 'લે' કહે. એવી રીતે આ જીવને અંગે પણ વિચારી લેવું. નિર્જરાના કારણ વખતે આનંદમાં આવવું જોઇએ, એટલે પરિષહ, ઉપસર્ગ આનંદથી ભોગવવા. આવી શાહુકારી રાખીને ભવિષ્યમાં જે કર્મ ઉદયમાં આવવાનાં છે તેને ઉદેરી લાવી તોડે તે ભાવવિદારક છે. ભાવવિદારક સાધુ વિના બીજાઓથી કર્મોની ઉદીરણા રુપ કાર્ય થઇ શકવાનું નથી.

## સાધુપણાની વાસ્તવિકતા

કેટલાકો કહે છે કે 'સાધુ તો મોજ મજાહ ભોગવે છે.' ઠીક તમને તે મોજમજા દેખાય છે! પરંતુ તમને દુઃખની ખબર નથી. જો મજા હોય તો તમે તે મોજમજા લેવા તૈયાર કેમ થતા નથી? તમને માયા-મમતા છૂટતી નથી, અને ત્યાગ કરનારા તે સાધુઓને માયા મમતા છોડતી વખતે કાળજું કેવું કરવું પડયું હશે! રાતે તરસ લાગે તો તમે ઝટ પાણી પી શકો છો, પણ શું સાધુથી પીવાશે? નહિંજ. ટાઢ, તાપ મુનિ સહે, સ્નાન કદી ન કરે, થાકી જાય તો પણ ગાડીમાં ન બેસે; અને છેવટે ચોમાસામાં ગોચરી પાણીનું શું? સાધુની ક્રિયાનો કંઇ ખ્યાલ છે? ગૃહસ્થપણા કરતાં સાધુપણાની કિંમત વધારવાને બદલે જેઓને ઘટાડવી હોય તેઓ ગમે તેમ બોલે. સાધુઓને ગોચરી ફરતાં દેખે, પણ લોકો ભક્તિ કરે તે દેખે તેથી ઇર્ષ્યા લાગે છે! જો સાધુપણામાં મજા માનતો હોય અને સાધુપણું ન લે તો કહેનારાઓનાં કર્મ ફૂટેલાંજને! શ્રદ્ધાની શૂન્યતા છે માટે સાધુપણામાં મજા છે એમ બોલાય છે. પોતે હરામનું ખાવું બંધ કરતો નથી, અને ત્રિજગવંદ્ય-સાધુપણું વગોવવું છે? જેટલી કષ્ટક્રિયા જૈન

સાધુને કરવી પડે છે, તેને બીજા ધર્મનાઓ પણ અનુમોદે છે. સાધુપણાનો ત્યાગ તમારામાં આવતો નથી, અને ત્યાગ કરવાનાએ ભાવ તમને નથી થતાં એ શું? ખરેખર સાધુપણાની વાસ્તવિકતાનું ભાન નથી.

## પ્રકૃતમાં કર્મ વિદારણ

સાધુ લોચ કરે છે, અને તમારાથી શું લોચ થાય છે? ઉદયમાં નહિ આવેલાં કર્મોને ઉદયમાં લાવીને સાધુને તોડી નાંખવા છે, માટે સાધુઓ લોચ કરે છે. આનંદ-કામદેવાદિ શ્રાવકને તો પોસાહમાં ઉપસર્ગ સહેવાના છે. સાધુને તો હંમેશને માટે પરિષહાદિ સહન કરવાના છે. સાધુ ભાવવિદારક થયા, પણ "કયા કરે નર ફાંકડા કે થેલીકા મુંહ સાંકડા!" કઠીયારો આવ્યો પણ કુહાડા વિના ગમે તેવો જબરો કઠીઆરો પણ શું કરે? કર્તાની ક્રિયા સાધનને આધીન છે. જેવું સાધન જબ્બર તેવું કાર્ય જબ્બર, અને જેવાં લાકડાં ચીરવાં હોય તેવું સાધન જોઇએ. જેટલું સાધન મજબુત એટલી કર્તાની સ્થિતિ મજબુત. આ બીના વિચારે તેને દ્રવ્ય વિદારણ સ્હેજે સમજી શકાય તેવું છે, અને તે સમજનારને ભાવવિદારણ પણ સમજી શકાય છે. એક લુહારને ત્યાં કઢાઈ અને સોય બે કરવા આપ્યા હોય તો તે સોય પહેલાં કરી દે. જે થોડા પ્રયત્નથી થનારૂં કામ તે લુહાર પહેલાં કરે છે તો તમે શાસ્ત્રકાર તેમ શા માટે ન કરી દો? ભાવવિદારણ સહેલાઇથી સમજાવાય તેમ નથી. એમાં જીવનું સ્વરૂપ જ્ઞાન-દર્શન-તપોધર્મ-ભાવના વિગેરે બધું સમજાવવું પડે; અને સાથે સાથે કર્મનું ભયંકરપણું પણ સમજાવવું પડે છે. એક પણ પદાર્થ અધુરો હોય ત્યાંસુધી ભાવવિદારણ સમજાવી શકાય તેમ નથી. ભાવવિદારણ સમજાવવું એટલે મોટી કઢાઇ કરવાની. કુહાડો કહ્યો એટલે સમજાઇ જાય છે કે-લાકડાં ફાડવાનું સાધન. લાકડાંને ફાડી નાખનાર સાધન તે દ્રવ્યવિદારણ છે. આથી દ્રવ્યવિદારણ સમજાવીને પછી ભાવવિદારણ સમજાવો તો ઠીક કહેવાય. પરંતુ અત્ર દ્રવ્યવિદારણ અપ્રકૃત છે, અને ગ્રંથકારને જરૂરી નથી; આથી કર્મ વિદારણ થાય તે માટે પ્રકૃતમાં ભાવવિદારણનું સ્વરૂપ કહેવાનો આશય શાસ્ત્રકારનો છે.

## વિદારણ અંગેના પ્રકારો

કર્મ-વિદારણ વાક્યોના ચાર પ્રકારઃ—(૧) અપનીત (૨) ઉપનીત (૩) અપનીત-ઉપનીત (૪) ઉપનીત-અપનીત. ૧-અપનીત એ નિંદાનું હલકું વાક્ય છે. જેમકે ફલાણી સ્ત્રી ખરાબ છે. ૨-ઉપનીત એ પ્રશંસાનું વાક્ય છે. જેમકે ફલાણી બાઇ ગુણવાન છે. ૩-૪ બે ભેગાં હોય તે અપનીત ઉપનીત કે ઉપનીત અપનીત છે. પ્રશંસા કરીને નિંદા કરો તો ઉપનીત અપનીત અને નિંદા કરી પ્રશંસા કરો તે અપનીત ઉપનીત. એકમાં છેલ્લે પરિણામે રાગ આવે છે, અને બીજામાં અંતે પરિણામે દ્વેષ આવે છે. પહેલાં દ્રવ્યકરણ જણાવે તો પછી ભાવકરણમાં મન અવસ્થિત થઈ જાય. કર્મને ફાડનાર જે કોઇ પદાર્થ તે ભાવકરણ છે. ભાવકરણમાં કેવી ભાવના રાખવી? તે વિચારાય છે. જીવ અને કર્મમાં અન્યદર્શનના ઘણા શાસ્ત્રોમાં ભેદ નથી, પણ કર્મને ફાડવાના સાધનોમાં ફરક છે; તેમ કર્મની માન્યતાઓમાં પણ ફરક છે.

## ભાવ ભાગી જાય છે

'પુત્ર' એ શબ્દ પોતાના છોકરા માટે વપરાય છે, તેવી રીતે વિદારક એ ફાડવા (વિદારવા) માટેનો વાચક શબ્દ છે; પરંતુ ફાડવાનું તો કપડાં-લાકડાં-પાટડા વિગેરેનું પણ હોય છે. દુનિયાદારીને અંગે એ શબ્દ જ્યારે જ્યારે બોલાય, ત્યારે ત્યારે તેનો અર્થ તેવો થાય છે. લાકડાંને અંગે કુહાડો, કપડાંને અંગે કાતર, પાટડાને અંગે કરવત સમજાય છે. શબ્દ તો એકજ છે, પણ બોલનાર મનુષ્ય કઇ સ્થિતિનો છે? કયા કર્મને કરનારો છે? વિગેરે પ્રસંગો ઉપરથી અર્થ કરી શકાય. આ બધા ફાડનારા ખરા પણ દુનિયાદારીને અંગે છે. અહીં આવું વક્તવ્ય નથી. આ લુગડાં આદિને ફાડવાની હકીકત તો દ્રવ્ય વિદારક છે, અહીં ભાવ વિદારકને લેવાની વાત છે. શંકા-ભાવ એ તો અરૂપી ચીજ. એને શું ફાડી શકાય? જરા સમજો! દુનિયાદારીમાં ભાવને પણ ફાડવાનું બને છે-કોઇ દાનના પરિણામ થયા તેને કોઇ કહે કે "ઘણાં દાન દીધાં, પણ કાંઇ ફળ મળ્યું નથી." તો આ દીધેલા દાનોનું શું થયું? દેવાના અવસરમાં ભાવ ફરી ગયો, ભાવ ફાટી ગયો, ઉલ્લાસ

ઊડી ગયો. પૂજા કરવાના વખતે વરસાદ આવ્યો—છાંટા આવ્યા એટલે જે ભાવની ધારા હતી તે બદલાઇ ગઈ અને પૂજા કરવાની મૂકી દીધી. જાત્રાએ જવું હોય—ત્રણ દિવસ સખત તાપ પડયો એટલે પેલા જાત્રાના પરિણામને ધક્કો લાગે છે. જે લોકો ભાવનું સ્વરૂપ જાણનારા છે તે જાણી શકે છે કે દરેક ચીજ ફાટી શકે છે. એટલે ભાવપણ ફાટી શકે છે=ભાગી જાય છે. કોઈ કહે છે કે-"ભણેલા ભીખ માંગે છે, અને અણ-ભણેલા ઘોડા ચઢે છે"—આ સાંભળીને ભણનારની ભણવાની દૃઢતા ખસી જાય. કોઇ કહે કે-'દેવને માનવા વિગેરેમાં અંધશ્રદ્ધા છે' એટલે પેલાના પરિણામ સમ્યક્ત્વના હતા તે-પરિણામરૂપ ભાવ ખસી જાય. ઇત્યાદિ ભાવ-પરિણામના વિદારકો છે. તે અનુભવોથી સાક્ષાત્ જોઇ શકાય છે.

## ચારિત્રાદિ ભાવનાના વિદારક

અનંતા જીવો મોક્ષે ગયા છે તે માનો છો. ચારિત્ર ગ્રહણ કરનારાઓમાં પણ ઘણા પડે છે, અને ઘણા ચઢે છે. જમીનથી નીચે તો મનુષ્ય પડવાનો નથી. વિરતિમાંથી જઇને પડશે તો કયાં પડવાનો? મનુષ્યમાં તો છેજ. શ્રી ભગવાન મહાવીરે નંદિષેણજીને એ પડવાના છે, એમ જાણવા છતાંયે દીક્ષા આપીને? મરિચિ, આર્દ્રકુમાર એ બધાના પરિણામ જાણતા હતા, છતાં દીક્ષા આપીને? દેવતાએ આર્દ્રકુમારને દીક્ષા લેવા વખતે કહ્યું કે—'ભોગાવળી બાકી છે' છતાં આદ્રકુમાર કહે કે-"કર્મ બાંધનાર હું અને તોડનાર પણ હું છું, માટે મારે તો દીક્ષા લેવીજ છે!" ભગવાને દીક્ષા આપીને! દીક્ષાના વિરોધિને એક પણ દીક્ષા અનુકૂળ લાગતી નથી. નાનો દીક્ષા લે તો કહે કે-"બાળક છે." મોટો દીક્ષા લે તો કહે કે-'બચ્ચાં તથા સ્ત્રીને રોતાં મૂકીને દીક્ષા લેવા ગયો.' વળી આગળ વધીને કહે કે-'ઘરડાં માબાપને રોવડાવ્યાં.' પછી એ મોટી ઉમરે દીક્ષા લે તો કહે કે-"હવે તો ઘરડો થયો." ત્યારે દીક્ષાની વય કઇ? સુગરીએ માળારૂપે ઝુંપડી બાંધવાની શીખામણ વાંદરાને આપી, ત્યારે વાંદરાએ સુગરીનો માળોજ તોડી નાંખ્યો. કારણ કે વાંદરો કહે છે-'તું મને શીખામણ દેનાર કોણ? **હું ઘર કરવામાં તો સમર્થ નથી, પણ ઘર ભાંગવામાં તો હું સમર્થ છું.** તેમ કેટલાક એવા છે કે જે દીક્ષા લેવામાં સમર્થ નથી, પણ દીક્ષા ભંગાવવા અને ભાંગવા (તોડાવવા)માં સમર્થ છે. અઢાર વર્ષે દીક્ષા ન લેવી વિગેરે વિગેરે કહ્યું, પણ કઇ ઉંમરે દીક્ષા લેવી એવું વિરોધિઓએ કોઇ જગોએ કાંઈ કહ્યું? ના. દીક્ષા આપનારાઓને જેઓ ખંડન શૈલિ ન રાખતાં મંડનશૈલિ રાખવાનો ઉપદેશ આપે છે તો તેઓ અઢાર વર્ષે દીક્ષા નહિં એમ કઈ રીતે કહી શકે? જે મનુષ્યો દીક્ષા લેવા સંબંધનું વિધાન ન કરે તેને દીક્ષા સંબંધમાં નિષેધ કરવાનો અધિકાર નથી. જે ઘર ચણતોજ નથી તેને બારણું મૂકવાનો અધિકાર છેજ કયાં? એવાઓ તો પતિતોને બહુમાન કરવા તૈયાર છે. શાસનની હીલનાનો જે લોકોને ડર નથી એવાઓને તો પતિતોને મુખ્ય બનાવવા છે, મુરબ્બી બનાવવા છે; અને અગ્રેસર બનાવવા છે. આવાઓ ચારિત્રના પરિણામરૂપ ભાવોના વિદારક છે, હેયવિદારકપણું જણાવીને હવે ઉપાદેયવિદારકપણું જણાવે છે.

## ફાડવાનાં સાધનો

એક ભાઇને ઉપવાસનો વિચાર થયો. બીજાએ કહ્યું કે 'તે સારું છે.' જ્યારે ત્રીજાએ કહ્યું– ઉપવાસથી ફલાણાને સંગ્રહણી થઇ ગઈ.' એણે તપના પરિણામને તોડવાનું કામ કર્યું. એકે સંઘ કાઢયો અને બીજાને સંઘ કાઢવાનો ભાવ થયો. બીજાએ કહ્યું કે—"સંઘ કાઢવો સારો છે," પણ બીજો કહે કે સંઘ કાઢનારા દેવાળું કાઢે છે. એટલે સંઘ કાઢવાના પરિણામને તોડી નાંખ્યાં. વારૂ! ગાદી તકીયાએ બેઠેલાને જરા શરદી થઇ તેને માટે ગાદી તકીયા છોડતા નથી, અને ગાદી તકીએ બેસી રહો છો માટે શરદી થઇ; આ સાંભળીને ગાદી તકીયા છોડવવાનું કર્યું?, પણ ભોંય બેસવા લાગ્યો એટલે વધુ શરદી થઇ. હવે શું? ત્યાં કંઇ નહિં! ત્યાં તો કુટાતું પીટાતું ચાલે છે! ભાવ ભેદવાનો અર્થ પરિણામને ભેદવા એ થાય છે, પણ અહિં તો કર્મ વર્ગણાના પુદ્ગલોને ભેદી નાંખવા તે રૂપ ભાવ

વિદારણ છે. જૈન શાસનમાં સાધુ એટલે કર્મને ફાડનારો અર્થાત્ કર્મવિદારક કહ્યો છે. અને આથીજ સાધુને નવકાર મંત્રમાં પરમેષ્ઠિ પદરૂપે સ્થાન છે, તેથી કર્મને ફાડનારા તેજ છે. ડોકટર પરીક્ષામાં પાસ થયો છે, પણ ઘેર ઓજાર નથી, અને પાટીયું નથી; એને ડોકટર તરીકે કોઇ ગણી શકે નહિં. ડોકટર તરીકે કાગળ આવે તો પોસ્ટમેન આપવા જતાં મુંઝાય છે. ડોકટર માટે બોર્ડ=પાટીયું હોય તેવી રીતે સાધુવેશ રૂપી પાટીયું જરૂરી છે. કર્મવિદારક તો સાધુજ ગણી શકાય છે. સાધુઓને કર્મ વિદારવાની ભાવના પણ છે, અને વેશ પણ તેવોજ લીધો છે; સાધન ન હોય તો શું થાય? "ન મળે પાસે કોડી અને ઉભી બજારે જાય દોડી" તો શું લાવે? બજારમાં તો માલ ઘણોએ છે પણ પૈસા વિના ન મળે, તેમ સાધન વિના પણ વિદારવાનું બની શકે નહિ. ફરસી-છરી-કુહાડી આ બધાં દ્રવ્ય થકી લાકડાં વિગેરેને વિદારવાનાં સાધનો છે. આ વાતને શાસ્ત્રની વાત કહેવાય નહિં. આ તો દુનિયાદારીની પ્રસિદ્ધ વાત છે. 'ફાડવાનું સાધન હરેકે રાખવું' એમ કહેવામાં આવે એટલે ચપ્પુ-છરી-કાતર કુહાડો વિગેરે રાખવાં એમ તમે સમજીજ જાઓને! આથી જણાવવું જરૂરી છે કે-અહીં ભાવ વિદારણમાં એ સાધનોની જરૂર નથી; પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપોધર્માદિ રૂપ સાધનોની જરૂર છે. હવે તે સાધનોનું સ્પષ્ટીકરણ સમજીએ.

### નિષ્ફળ ન જાય તે માટે શું?

ભાવવિદારણમાં દર્શન, જ્ઞાન, તપ અને સંયમ એ સાધનો છે. ભાવને અંગે કર્મને ફાડવાનાં આ સાધનો છે.

મોટાં લાકડાં ફાડવા માટે પહેલાં દોરો પાડવો પડે છે અને દોરી છાંટે છે ત્યારે લાકડું સીધું ફાટે છે; તથા ધાર્યાં પાટીયાં પડે છે તેવી રીતે કર્મરૂપ ભાવવિદારણ કરવું હોય તો શું કરવું? કર્મને ફાડવાં હોય તો? દોરી લગાવજો! અને દોરીથી છાંટજો!; હવે દોરી લગાવીને છાંટયા વિના આ કર્મ ફાટવાનાં નથી. અહિંઆ પાટીયાં બનવાનાં નથી, પણ કર્મને ફાડવાં છે તે અંગે જરૂર દોરી લગાવો? આમ કહીયે તો તમને એમ થશે કે લાકડાંને અંગે દોરી લગાવાય, પણ કર્મને અંગે દોરી શી રીતે લગાવાય? એ દોરો કયો? સમ્યગ્દર્શન એજ કર્મ વિદારવાનો દોરો છે.

કરવત આઘી પાછી જાય તે દેખાડનાર દોરો છે, તેમ જ્ઞાન, સંયમ અને તપની પ્રવૃત્તિના આંદોલનો નિષ્ફળ ન જાય, તે માટે આ દર્શનરૂપી દોરાના હિસાબ છે.

### દર્શનાદિની સાર્થકતા

શ્રી સૂયગડાંગ વિગેરે સૂત્રોમાં આ એકજ સિદ્ધાંત છે કે આ જિનેશ્વર ભગવન્તનું શાસન તેજ અર્થ, તેજ પરમાર્થ, જૈનશાસન સિવાય બાકીનો બધો અનર્થ છે. જ્ઞાન કરવું તે નિર્ગ્રંથ પ્રવચનની અપેક્ષાએ. યાદ રાખો કે જ્ઞાન, સંયમ વિગેરે નિર્ગ્રંથ પ્રવચનની અપેક્ષાએ નહિ કરવામાં આવે તો દોરી વિના કરવત ચલાવવા જેવું છે. દર્શનની દોરી છાંટો એટલે મગજમાંથી મોક્ષ સિવાયનું સાધ્ય જતું રહેશે, અને સમ્યગ્ દર્શન આવ્યા પછી જ્ઞાન, સંયમ અને તપસંયમની લાયકાત આવશે. સમ્ગ્દર્શનથી જીવન નિયમિત થઇ જાય છે. આખું જગત છે, પણ તેમાં આપણે તો મોક્ષ માટે દર્શનની દોરીજ ધ્યાનમાં લેવાની છે. કર્મ વિદારવાં હોય તેને દર્શન એ સાધન છે. દર્શનની દોરીનાં છાંટણાં છાંટયા, પણ દર્શનનું સાધન છતાં અજવાળું ન હોય તો દોરીનેજ કયાંથી દેખે? જેવી રીતે કરવત અંધારે લઇને બેસે, અને ભલે દોરી દીધેલી હોય પણ એ સીધાં પાટીયાં કરી શકે નહિ. તેવીજ રીતે સમ્યગ્દર્શનથી શુદ્ધ શ્રદ્ધા હોય અને મોક્ષ સાધ્ય હોય પણ જ્ઞાનનું સાધન ન હોય તો તે પાછો આવે છે-પાછો પડે છે. અંધારામાં વ્હેરનારને છાંટેલી દોરીએ વ્હેરૂં છું એમ લાગે ખરૂં, પણ વ્હેરાય છે કેવું? અવળું કે સીધું?; તેની ખબર ન પડે. મોક્ષ લેવો છે એમ ધારે ખરો પણ રસ્તા અવળા લે તો? જ્ઞાનનું અજવાળું છતાં, દોરી છાંટી છતાં, સાધન કરવત અવળી પકડે તો? જ્ઞાનને લીધે સવળી તો પકડી પણ દાંતા કાંગરા બુઠ્ઠા હોય તો? માટે કરવત ધારદાર જોઇએ. તપરૂપી કરવત જોઈએ, કર્મરૂપે લાકડાંને ફાડવા માટે અને ચૂરે ચૂરા કરવા માટે તપરૂપી કરવત જોઇએજ. થોડું ઘણું ભણ્યા એટલે પોતાને જ્ઞાની કહે છે અને બોલવા

બેસે છે કે-તપ કરવાની જરૂર નથી! ભગવાન્ મહાવીરદેવને જ્ઞાન હતું, છતાં તપ કર્યો કે નહિ? તે તો વિચારવું નથી. તપ ન કરવા દે તેવા જ્ઞાનનો ભાર વધારવાથી શું? આત્માને ભાર કરવા માટે જ્ઞાન નથી, પણ કર્મ વિદારવા માટે છે; માટે જ્ઞાનવાળાને તો તપ સંયમની જરૂર પહેલીજ છે. આ રીતિએ દર્શનાદિ ત્રણે સાધનોની એક સરખી સાર્થકતા છે.

**જ્ઞાનીને તપની ખાસ જરૂર છે.**

તપમાં અડચણ આવે છે, માટે તપ નહિં એવો વિચાર પણ જ્ઞાનીને ન જોઇએ. દીપક-કરતાં કરવતની દરકાર વધારે કરવી. કરવત સારી હશે તો જ્ઞાનરૂપી દીપક લીટી દેખાડશે, માટે સમ્યક્જ્ઞાનરૂપ દીપકની જરૂર છે. સામાન્ય જ્ઞાનરૂપી દીવો પણ તપ માટે ચાલે છે. નિર્વાણ પદ વારંવાર વિચારવામાં આવે તો તેટલું જ્ઞાન બસ છે, પરંતુ વધારે જ્ઞાન હોવું જોઈએ એવો આગ્રહ નથી.

શાસનમાન્ય અષ્ટપ્રવચન-માતા માત્રના જ્ઞાનથી કેવળજ્ઞાન સુધી જઇ શકાય છે, તો આપણે જ્ઞાન ઉપર નિર્ભર રહેવું એમ કેમ બોલાય છે? અને તપસ્વીઓ માટે તો "આ તો લાંઘણો કરે છે" એમ કેમ બોલાય છે?; દર્શનની દોરી બગડેલી હોવાથી જ્ઞાનનું અજવાળું કામ કરતું નથી, તો પછી કેવી રીતે વ્હેરે? તપ એ કેવળ તીખી તલવાર છે. ધર્મધ્યાનથી અને શુકલ-ધ્યાનથી નિકાચિત કર્મ પણ તૂટી જાય છે, આટલો બધો તપનો પ્રભાવ છે. જ્ઞાનના બહાના નીચે તપને ખસેડી શકાય નહિ. અજવાળાના બહાના નીચે તપો ધર્મરૂપ કરવતને બૂઠી ન કરવા દે, જ્ઞાન એ તપને બુઠું કરનાર છેજ નહિં, પણ તેજસ્વી કરનાર જ્ઞાન છે. અજ્ઞાની તપ કરે ત્યારે જ્ઞાનીએ તપ કેમ ન કરવો? અજ્ઞાની તો દેહને તથા આત્માને એકજ માને છે, અને દેહને દુઃખ દેવું તો આત્માને દુઃખ દેવું ગણે છે=માને છે, છતાં તપ કરે છે, તો જ્ઞાની કે જે દેહને તથા આત્માને જૂદા ગણે છે તે કેમ તપ ન કરે? આવી દૃષ્ટિવાળા આવું વિચારવાળા જ્ઞાનીને તપમાં હરકત શી? તપો-ધર્મની કરણી કરવામાં જે આડે આવે તે જ્ઞાન નથી, પરંતુ તપ કરશો તો જ્ઞાન આવશે. દશ વૈકાલિક ભણનારને જોગ વહેવા પડે છે, પહેલી કરવત તૈયાર કરો પછી દીવો. કરવત તૈયાર હોય ત્યારે દીવો કરો! કેવળજ્ઞાન થયા પહેલાં શ્રી મહાવીર ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ થયું ત્યાંસુધી બધો તપ કરેલો છે. યાદ રાખવું કે તપ કરનારાજ કેવળજ્ઞાનના અધિકારી છે.

**ટેકો બરોબર જોઇએ.**

દીવો કર્યો, દોરી છાંટી અને કરવત પણ તૈયાર કરી છતાં ટેકો બરાબર ન હોય તો? પાટીયાં પડે નહિ. ટેકણ મજબૂત હોય તો લાકડાંનો ભાર ખમે, કરવતનો ભાર ખમે; અને ઉપર ઉભા રહેનારનો ભાર ખમે તેવું ટેકણ જોઇએ. ટેકણ પોચું હોય તો બધાં પડે, માટે કર્મરૂપી લાકડાં વ્હેરવા તૈયાર થાય તેને પણ ટેકણ જોઈએ. ત્યારે તેણે બધાંની સાથે ટેકણ તૈયાર કરવું જોઇએ, એ અહિં ટેકણ કયું? સંયમ એટલે ટેકણ, અને એના ઉપર બધો આધાર છે. સંયમ વિના કોઇ પણ પ્રકારે કર્મને વ્હેરી શકતાંજ નથી. એક જીવનું કલ્યાણ કરવા જાઓ અને અસંખ્ય જીવોનો ઘાણ નીકળી જાય એની કિંમત કેટલી? તેથીજ સંયમ સ્વરૂપ સર્વવિરતિની અત્ર કિંમત છે, આથીજ સંયમ સહિત તપનીજ કિંમત છે. ભાવ, દર્શન, જ્ઞાન, તપ, અને સંયમ એકલું કેમ ન કહ્યું? એ દરેકની સાથે ઘટના કરી દીધી હવે ચારે સાધન તરીકે બતાવ્યાં, તો પછી ક્રમ કેમ રાખ્યો? તે વિષે અગ્રે વર્તમાન.

**ઉપસ્થાપના અને મહોત્સવ:**—સુરત-વિ. સં. ૨૦૧૦ મહા સુદ-૧૩ તા. ૧૫-૨-૫૪ ને સોમવારે સવારે દશ વાગે અત્રે હરિપુરાના ઉપાશ્રયે પ. પૂ. આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજના પુનિત હસ્તે મુનિશ્રી નંદિઘોષસાગરજીને પ. પૂ. આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજના શિષ્ય તરીકે અને મુનિશ્રી હિમપ્રભસાગરજીને મુનિશ્રી હિમાંશુસાગરજીના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યાં હતાં. વડી દીક્ષા નિમિત્તે નાણ મંડાવવી પ્રભાવનાદિનો સમસ્ત ખર્ચો જરીવાળા વેણીલાલ ઠાકોરભાઇ તરફથી થયો હતો, તેમજ શ્રી શીતળનાથજીના મંદિરમાં તેઓશ્રી તરફથી આંગી-પૂજા-ભાવના-પ્રભાવનાદિ કરવામાં આવી હતી.

મહા સુદ ૧૩ નો પુણ્ય દિવસ પ. પૂ. આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજને આચાર્ય પદીનો દિવસ હોવાથી, તે નિમિત્તે શ્રીશીતળનાથજીના મંદિરમાં મહા સુદ ૯ થી મહા સુદ ૧૩ સુધીનો પાંચ દિવસનો મહોત્સવ કરવામાં આવ્યો હતો. પ્રથમના ચાર દિવસો જુદા જુદા સદ્દગૃહસ્થો તરફથી આંગી-પૂજા-પ્રભાવના કરવામાં આવી હતી અને મહા સુદ ૧૩ ને દિવસે સુ. શ્રા. વેણીલાલ ઠાકોરલાલ જરીવાલા તરફથી આંગી-પૂજા-ભાવના-પ્રભાવનાદિ કરવામાં આવી હતી.

# શ્રીઆનંદ-સમાધાન-સિન્ધુઃ

**નોંધઃ**—સ્વ૦ પૂજ્ય-આગમોદ્ધારક-આચાર્યદેવેશ-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીએ વિ. સં. ૧૯૯૧ માં પન્નાલાલ બાબુની ધર્મશાળા-પાલીતાણા મુકામે શ્રીસ્થાનાંગસૂત્રનું પાંચમું અધ્યયન (સ્થાન-૫) ઉદ્દેશ.૧-પાંચ મહાવ્રતો સંબંધિ અમોઘ-વ્યાખ્યાનો દીધાં હતાં, અને તે વ્યાખ્યાનાદિ પ્રસંગમાં ઉઠાવેલ શંકાના, તથા પૂર્વપક્ષો કરીને જે સમાધાનો આપેલાં છે; તેનો સંચય' મુદ્રિત ગ્રંથ શ્રી સ્થાનાંગસૂત્ર ભાગ-૧ લો કે જે આગમોદ્ધારક સંગ્રહઃ ભા-૪ તરીકે જે પ્રસિદ્ધ છે, તેમાંથી તારવીને અત્ર અપાય છે.

સંચયકારઃ—પૂ. આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિજી મહારાજ.

૧૦૨. શંકા—ગુરૂભક્તિ નિમિત્તે અશુદ્ધ દાન હોય અગર ત્રૈલોક્યનાથ ભગવંતની પૂજા હોય, પણ જ્યાં એકેન્દ્રિય જીવોની વિરાધના થતી હોય તો તે સાધુઓથી સહન કેમ થાય?

સમાધાન—જેઓને પ્રભુ પૂજા ભક્તિમાં થતી એકેન્દ્રિય જીવની વિરાધના કાળજું કંપાવે છે, તેઓને નાટક-સીનેમા જોવામાં, અનેક રીતિએ સંસાર ચલાવવામાં, રસોઈ કરવામાં, છોકરાં-છોકરી પરણાવવામાં, અને ઘર-મકાન બાંધવામાં કાળજું કેમ કંપતું નથી?, સંસારની કરણીઓમાં તો ધ્રુજારો નથી, તેઓ આથી પૂજા કરવામાં જેઓ ધ્રુજે છે, અને તેઓ પૂજા કરવાવાળા ખોટા છે, અને અમારે પૂજા કરવી નથી; આ બધા માટે બીજા નિર્દોષ પર દોષારોપણ કરવો તે કોટવાલને ચોર દંડે તેના જેવો આ ન્યાય છે. આથી એક વાત નક્કી છે કે ગૃહસ્થો માટે પૂજા અવસ્ય કર્તવ્ય છે, અને ન કરે તો વિરાધક; અને સાધુઓ પૂજા કરે તો તેઓ વિરાધક થાય, પણ સાધુઓ પૂજાનો ઉપદેશ દેઇ શકે છે. પરંતુ મૂળમાં સંસ્કાર ન હોય તેવાઓ માટે તો શેઠીયાના છોકરાનું દ્રષ્ટાંત બસ છે.

૧૦૩. શંકા—સંસ્કાર વગરના વાત કરે તો શેઠીયાના છોકરાના દ્રષ્ટાંતે વિચારણા કરીને ઉપેક્ષા કરવાનું કહો છો તો તે દ્રષ્ટાંતમાં શું છે?

સમાધાન—એક શેઠનો છોકરો મુસલમાન થયો છે, અને ગામના લોકોએ તે વાત જાણી છે; તેથી સમજાવવા માટે ભેગા મળીને બધા તેની પાસે જાય છે. સામાન્ય માણસ બગડે તો ચલાવી લેવાય, પણ ગામના શેઠીયાનો છોકરો બગડી જાય તો ભાવિમાં ખોટું થાય, એમ ધારીને ગયા. મુસલમાન થયેલા છોકરાએ તે વાત જાણી એટલે હવે મ્હારે શરમ રાખવી ઉચીત નથી, તેથી દારૂનો પ્યાલો લેઈ પીવાની શરૂઆત કરી. ગામના લોકોએ વિચાર કર્યો કે આને કહેવું શું? મૂળમાં સંસ્કાર નથી તેવાને સલાહ-સમજ શી આપવી? તેવી રીતે એકવીસ હજાર વર્ષના શાસનમાં સ્થાપના નિક્ષેપા વગર ત્રણ નિક્ષેપા લગભગ નકામા છે, એવું જાણવા છતાં પ્રતિમા-મંદિરના ઉત્થાપકોને, યોગ-ઉપધાનના નિહ્નવોને, પંચાગી-રૂપ સમયપુરૂષના અંગોચ્છેદકોને મૂળમાંજ સંસ્કાર નથી તો પછી તેઓની ઉપેક્ષા કરવી યોગ્ય છે; અને શેઠીયાનો છોકરો મુસલમાન થયો તે દ્રષ્ટાંતે તે પ્રસંગ ઘટાવીને ઉપેક્ષા કરતાં શીખવું.

૧૦૪. શંકા—શ્વેતાંબર આમ્નાયથી દિગંબરોની ઘણી કરણીઓ જુદી પડે છે તેનું શું?

સમાધાન—શ્વેતામ્બર આમ્નાયમાં સાધુઓએ સંયમ નિર્વાહ માટે પરિમિત વસ્ત્રો રાખ્યા, ત્યારે દિગંબરોએ દિશારૂપ વસ્ત્રો રાખ્યાં એટલે નગ્ન અવસ્થા સ્વીકારી. પાંચે કલ્યાણકોમાં શ્વેતાંબરોથી ઉલટુંજ માનવાનો સ્વભાવ જે એવા દિગંબર જૈનો હિન્દુ-મુસલમાનની જેમ વર્તે છે. હિન્દુએ પૂર્વ દિશામાં જોવાનું રાખ્યું તો મુસલમાને પશ્ચિમ દિશા જોવાની રાખી, અને હિન્દુઓ જે રીતે મોઢું ધુએ તેથી વિરૂદ્ધ રીતિએ મુસલમાનો ધુએ છે તેવું લગભગ આ દિગંબરોમાં આચારો છે.

૧૦૫. શંકા—સ્થાપનાજીમાં પ્રભુ પ્રતિમાનો ફોટો

રાખવાથી દર્શનનો લાભ થાય, અને દેરાસર ન હોય તો ચૈત્યવંદન પણ થાય, તો પછી પ્રભુ પ્રતિમાનો ફોટો રાખવાથી શું બાધ છે ?

સમાધાન—દેરાસર ન હોય તેથી ફોટો રાખનારને કહેજો કે ષડાવશ્યકરૂપ કરણીમાં નિયમિત વંદાતા દેવ વંદનાદિમાં ચૈત્યવંદન પ્રભુ પ્રતિમાની પ્રતિકૃતિ વગર કરો છો તો તે કરણી હવે તમારા હિસાબે નકામી ગણવી પડશે. સાધુ પ્રતિમાને અડે તો પ્રાયશ્ચિત છે, અને ગૃહસ્થ શ્રાવક પૂજા ન કરે તો પ્રાયશ્ચિત્ત છે. ગરમીના દરદ-વાળાએ મરી-સુંઠ-લવિંગને અડવુંજ નહિં, અને વાયુ-વાળાએ તે ત્રણનો ઉકાળો વાપરવો; આથી જેવા અધિકારી તેવી દવા. આથીજ અધિકારિ અંગે વિધિ નિષેધ છે. અસદ્-આરંભ-પરિગ્રહમાં ઉંડા ઉતરી ગયેલાઓને તેના ત્યાગ માટે પૂજાદિસ્વરૂપ આવશ્યક-કરણીઓમાં વધુ જોડવાની જરૂર છે.

૧૦૬. શંકા—સાધુ સર્વ સાવદ્યથી વિરમેલા છે માટે પૂજા કરવાનો નિષેધ જણાવ્યો, અને શ્રાવકો માટે તેજ પૂજાનો વિધિ જણાવ્યો; તેવી રીતે અર્થ-કામના અધિકારીને અંગે વિધિ-નિષેધ કેમ જણાવતા નથી ?

સમાધાન—કેટલીક વાતો કહેવામાં-લખવામાં સુંદર હોય છે, પણ પરિણામે અત્યંત ભયંકર હોય છે; અને તેવું તમે અર્થ-કામ માટે ભયંકરપણું જણાવો છો. જુઓ એક વાણીઓ મીયાં પાસે પૈસા માંગે છે, ઉઘરાણી આવ્યો અને કંઇ મળ્યું નહિં, એટલે વાણીઓ અકળાયો. મીયાં કહે સડક થવાની છે એટલે બાવળીઆ વાવીશ, અને રૂનાં ગાડાં જશે તો રૂ બાવળીએ ભરાશે એટલે તે રૂ ઘરનાં બધાં માણસો પાસે વીણાવીને વેચીશ એટલે તમારા પૈસા ભરાઈ જશે. આ વાત પણ કહેવામાં લખવામાં સુંદર છે, પણ પરિણામમાં મીડું છે. જેઓને સંસાર ધીકતો રાખવો છે, સ્થાવર-જંગમ મિલ્કતો વધારવી છે, બૈરાં-છોકરાંઓની લીલાના ભોગવટા કરવા છે; તેવાઓને ઉપરની વાતોમાં સ્વપ્ને પણ હેયપણું માનવું નથી પણ રાત દિવસ તેનીજ (અર્થ-કામનીજ) લગની લાગી છે. આથી અર્થ-કામ છોડવાલાયક છે તે સાધુઓને અંગે કહેવાય છે, અને આદરવાલાયક ધર્મ-મોક્ષ છે; એટલે ચારમાં વિધિ-નિષેધનો વિભાગ સાધુ અંગે કરી શકાય પણ ગૃહસ્થો માટે ન થાય. અને તમે તો જે અર્થ-કામ બે હેય કક્ષાના છે તેમાં વિધિ નિષેધ કરવા માટે શાસ્ત્રકારને વિનંતિ કરો છો તે પણ તદ્દન અસ્થાને છે. શાસ્ત્રકારોનું કર્તવ્ય તો ફક્ત ધર્મોપદેશ દેવાનો છે, પણ યાદ રાખો કે-અર્થ-કામનો ઉપદેશ દેવાનો નથી. અર્થ-કામમાં વિધિ-નિષેધના વિભાગ સમજવા માટેની વાતો કરનારને મૈથુન પરિગ્રહોને અવ્રતો ગણ્યાં છે, અને એ અવ્રતો આશ્રવરૂપ છે એ લગભગ ખ્યાલમાં નથી; તેથીજ આવાં પ્રશ્નો કરે છે. જે ગૃહસ્થો અઢારે વાટે છુટા હોય, અને અર્થ-કામથી સંસાર નભે છે અને તેમાં પડયા હોય છે, તેને તો હંમેશા પાપ બંધાય છે, તેથી તો તેઓને તે બંન્ને અર્થ-કામને આદરવા સંબંધની વાતજ ન હોય. ત્યાગીને અંગે પાંચ અવ્રત આશ્રવો છે એમ નથી પણ વિશ્વભરમાં સઘળા જીવો માટે આ પાંચે અવ્રતો આશ્રવો છે.

૧૦૭. શંકા—અર્થ-કામ નામના બંન્ને પુરૂષાર્થ કોઇની અપેક્ષાએ આદરવા લાયક છે કે નહિં ?, અને નથી તો પછી એને ગણાવ્યાં કેમ ?

સમાધાન—વિશ્વભરના જીવોની ઇચ્છાઓના વર્ગી-કરણ માટે આ ચાર વિભાગ છે. જેવી રીતે ચાર ગતિ જણાવી છે, તેવી રીતે ચાર પુરૂષાર્થ જણાવ્યા છે. ચાર ગતિમાં જેમ નરક-તિર્યંચ વિવેકીયોને સાધવા લાય-કનાં નથી, તેવી રીતે આત્મહિતકર જીવો માટે અર્થ-કામ પણ સાધવા લાયકનાં નથી. અર્થ-કામની સાધ-નામાં ઉતરેલા જીવો-આત્મ હંમેશાં કલ્યાણકર-માર્ગથી વિમુખ રહેવાના છે, તેથી વિશ્વમાં કોઈપણ જીવ માટે તે બંન્ને આદરવા લાયકનાં નથી, અને ગણત્રી તો સંસારી જીવ માત્રની ઇચ્છાઓના વર્ગીકરણ માટે અર્થ-કામ લીધા છે, તેથી તે બંન્ને સર્વદા ઉપાદેય નથી.

૧૦૮. શંકા—અભ્યંતર સુખની અખંડ પ્રાપ્તિરૂપ મોક્ષ કહો છો, અને તેને પ્રાપ્ત કરવા માટે ધર્મ પુરૂષાર્થ આદરવા લાયકનો છે એમ કહો છો; તો પછી ધર્મની આરાધનાના ઘણા પ્રકારો હોવા છતાં મહાવ્રતના સ્વીકાર પ્રત્યે જોર કેમ આપો છો ?

સમાધાન—ગણધર ભગવંતો જણાવે છે કે ધર્મ-મોક્ષ એ બન્ને આત્માના પ્રબળ પ્રયત્ને મળવાવાળી અને ટકવાવાળી ચીજ છે. જેઓને અભ્યંતર સુખની અખંડ પ્રાપ્તિની લગની લાગી છે, તેઓને તો જરૂર પાંચે મહાવ્રતનો સ્વીકાર કરવોજ પડશે; અને મહાવ્રતોના સ્વીકારરૂપ સર્વ વિરતિ ધર્મના સ્વીકાર વગર દેશવિરતિ આદિ ધર્મના સેવનથી જલ્દી મોક્ષે જવાશે નહિં; માટે અમે મહાવ્રતોના સ્વીકાર પ્રત્યે જોર દઈએ છીએ.

૧૦૯. શંકા—પાંચ મહાવ્રતો હોય તોજ સર્વ વિરતિધર સાધુ કહેવો અને એકાદ ઓછું વ્રત હોય તો શું તે વિરતિધર નથી ?

સમાધાન—સો જણા બેઠા હોય તેમાંથી એકને જવાનું કહેવાય એટલે નવાણું જણને બેસવાની સંમતિ થઇ ગઈ. પાંચ મહાવ્રતમાંથી એકાદ મહાવ્રતનો ભંગ કરનારને સર્વ વિરતિધર સાધુ કહેવામાં આવતો નથી, પરંતુ જે જે વ્રત નથી તે અવ્રતની પણ વિરતિધર કહેવાથી અનુમોદના થઈ જાય. એકના ભંગે સર્વ પાંચે મહાવ્રતનો ભંગ મનાય છે, અને મહાવ્રતની સાથે પાંચપણું નિયમિત છે. હિંસા-જૂઠ-ચોરી-મૈથુન-પરિગ્રહમાંથી એકની સર્વથા વિરતિને સર્વ વિરતિ રૂપ ધર્મ કહેવામાં આવે તો ચારની અનુમોદનારૂપ અધર્મ થઈ જાય.

૧૧૦. શંકા—એકડા પછી સો આવે છે, એટલે એકડા પછી બગડો તગડો વિગેરે શીખવાય છે, અને પછી ક્રમશઃ સો પૂર્ણ થાય છે; તેવી રીતે અણુવ્રત પછી મહાવ્રતનું નિરૂપણ હોવું જોઇએ, તો પછી પ્રથમ મહાવ્રતોનું નિરૂપણ કેમ ?

સમાધાન—શાસ્ત્રકારો જણાવે છે કે-તમારા હિસાબે તો ઘરમાંથી લાખો લુંટીને ચોર ભાગે તો પ્રથમ લંગોટી-ધોતીયું-ટોપી લેવી અને ધન માલ જતો કરવો, કારણ કે મોટું-કિંમતિ લેવાનું પછી તથા નાનું-ઓછી કિંમતનું લેવાનું પહેલું રાખશો કે કેમ ? એટલે ઉપરનો ક્રમ તમને કબુલ છે કે કેમ ? એમ પૂછશે તો તમે તરત ના કહેવાના છો, કારણ કે તે અવસરે તો ધન-માલ પહેલાં લેવાનો અને લંગોટી ખેસ વિગેરે જવા દેવાનું તું કબુલ કરે છે. લંગોટી-ટોપી-ખેસ ખેંચી લે અને માલ જવા દે તે મૂર્ખ છે, તેવી રીતે મહાવ્રતોનું નિરૂપણ મુકીને અણુવ્રતોનું નિરૂપણ પ્રથમ કરે અને ક્રમ ફેરવે તે પણ જૈન-શાસનના હિસાબે મૂર્ખ છે.

૧૧૧. શંકા—જૈન શાસનમાં શાસન-સ્થાપક તીર્થંકરો માટે, ગણધર ભગવંતો માટે, સાધુઓ માટે, સાધ્વીઓ માટે, અણુવ્રતધર શ્રાવક શ્રાવિકા માટે, અને સમ્યક્ત્વવાળાઓ માટે મુખ્યતયા વ્યાપક ભાવના કઇ?

સમાધાન—"माकार्षीत् कोऽपि पापानि" ઇત્યાદિ પદોથી ભાવિત મૈત્રી ભાવના જૈન-શાસનમાં વ્યાપક છે, અને જગતનો કોઈ જીવ પાપ ન કરે એ ભાવનાથી ભાવિત જૈન શાસન છે.

૧૧૨. શંકા—જગતમાં પાપરૂપ ગુન્હા કરનારા ન થાઓ એવી ભાવના રાખો, અને એ ધારણા રાખો છતાં, પાપરૂપ ગુન્હા બંધ તો થતા નથી, તો પછી આ ભાવના ભાવવાનો અર્થ શો ?

સમાધાન—તીર્થંકરોના કથનથી=ઉપદેશથી સર્વ શ્રોતાઓ પાપ વગરના થયા નથી, તો પછી બીજા સામાન્ય (ગણધરોથી, પૂર્વધરોથી, અને આચાર્ય-ઉપાધ્યાય સાધુ વિગેરેથી) સાધુ વિગેરેના કથનથી પાપરહિત થઈ જાય એવું જૈનશાસન કદાપિ માનતું નથી, પરંતુ કાયદા કરનારા સર્વજ્ઞો અન્યાયાદિ પાપનો ચારે બાજુથી નાશ કેમ થાય તે ધારણાથીજ તેઓશ્રીના ગણધરાદિ-દ્વારા કાયદા ઘડાય છે. ત્રિકાળજ્ઞાનિ-સર્વજ્ઞોએ તો તે બધું કૈવલ્યજ્ઞાનથી જોઇને કાયદારૂપ સિદ્ધાંતો ઘડેલા છે.

૧૧૩. શંકા—માણસાઇના રક્ષણ માટે ચોરી-વ્યભિચારી-લૂંટ-વિશ્વાસઘાતાદિ અનેક-ગુન્હાઓ સત્તાથી, સમશેરથી, કોર્ટોથી, શિક્ષાથી, અને કેદખાનાઓની સજાથી પણ દૂર ન થયા, તો પછી કુદરતની ચીજો વાપરવામાં આજની દુનિયા જે બાબતોમાં ગુન્હો ગણતી નથી, તે બાબતમાં તેને પણ તીર્થંકરો તો આગળ વધીને ગુન્હો ગણાવે છે તે શું ?

સમાધાન—તળાવ-નદી-દ્રહમાંથી પાણી લેવું, પુષ્પો ચુંટી લેવાં, અને ખોરાકાદિ પચાવવાં વિગેરેને પણ ગુન્હો ગણાવીને સાધુઓ માટે પાંચ મહાવ્રતરૂપ કાયદાઓ

ઘડે છે. એટલે મોટાં પાપ તો સર્વથા બંધ કર્યાં છે, પણ નજર બહારના પાપ પણ બંધ છે. આથી સ્પષ્ટ થાય છે કે-સર્વજ્ઞ ભગવંતે ઘડેલા કાયદારૂપ મહાવ્રતોમાં લવલેશ પાપનો છાંટો ન રહે તેવી વ્યવસ્થિત-રચના છે. કાયદારૂપ મહાવ્રતથી વિરૂદ્ધ વર્તીને પાપ કરો તે જુદી વાત છે, પણ કાયદારૂપ પાંચ-મહાવ્રતોનું બંધારણ ઘડનારે પાપને લવલેશ પેસવાની જગ્યા આપેલી નથી. સર્વથા પાપ પ્રતિબંધકના કાયદારૂપ પાંચ-મહાવ્રતમાં પાપ આવે એવી પોલ હોવીજ ન જોઇએ, એ અત્રે સમજવાની જરૂર છે.

૧૧૪. શંકા—ધર્મ એ પુરૂષાર્થ છે, અને ધર્મની સેવના માટે પાપનો પ્રતિબંધ કરવો જરૂરી છે. પણ તે પાંચજ કેમ? કારણકે પાપસ્થાનક તો અઢાર છે, અને તમે તો પાંચ પાપ બંધકરાવવારૂપ પાંચ મહાવ્રત કેમ જણાવ્યા? અઢાર કેમ નહિં? શું બાકીના તેર પાપસ્થાનકના સેવનની છુટ છે?;

સમાધાન—ના, મહાવ્રતધારિયો માટે એક પણ પાપસ્થાનક સેવનની છુટ નથી. પરંતુ અઢાર પાપસ્થાનક કરવા નહિં, કરાવવા નહિં, અને અનુમોદવા નહિં, એ બધાનો સમાવેશ પાંચ મહાવ્રતોમાં કર્યો છે. જેવી રીતે શત્રુ કબજામાં આવે તો હથિયાર પ્રથમતઃ પડાવી લેવાય એટલે તોફાન હુલ્લડ બગાડ-શત્રુતા વિગેરે બંધ થાય અગર તે બધાં બંધ થયેજ છુટકો. યાદ રાખો કે-પાંચ પાપોના પચ્ચક-ખાણરૂપ મહાવ્રતો એ કર્મરાજાની હિલચાલરૂપ અઢાર પાપ સ્થાનકોનાં હથિયારો છે. ક્રોધાદિ કરીને હિંસા-જૂઠ-ચોરી-વ્યભિચાર-મમતા ન કરવાની હોય તો ક્રોધાદિને વિરામ પામેજ છુટકો છે. આથી ક્રોધથી બાકીના દરેક પાપ-સ્થાનકોદ્વારા એ પાપો ત્યારેજ થાયજ કે પાંચમાંથી કોઇનો આશ્રય લે.

## સિદ્ધચક્ર-માસિકને ભેટ.

૧૧) સાવરકુંડલાવાળા શેઠ ગીરધરભાઇ અમીચંદ તરફથી હ. અચરતબેન તરફથી સાધ્વીશ્રી સદ્‌ગુણાશ્રીની વડી દીક્ષા નિમિત્તે ભેટ.

૫) મુનિ શ્રીગૌતમસાગરજીના સદુપદેશથી નેર જૈન સંઘ તરફથી ભેટ આવેલા તે.

# સુધા-બિન્દુ:

સુરત-હરિપુરા-જૈન-ઉપાશ્રયે વ્યાખ્યાન શ્રવણમાંથી શ્રોતાએ તારવેલાં, અને જીવન માટે અતીવ મનનીય હોવાથી આ સુધાબિન્દુનો સંચય અત્ર અપાય છે.

સંચયકાર-શ્રોતા.

૪૮. વારંવાર દુષ્કૃતનું નિંદન, સુકૃતનું અનુમોદન, અને ચાર શરણને સ્વીકારનારાઓ આત્મિક શક્તિનો વિકાસ કરનારા બને છે.

૪૯. અનંતકાળ સુધી જીવ નિજછંદે ચાલીને પરિશ્રમ કરે તો પણ સ્વયં પોતે વાસ્તવિક સમ્યગ્જ્ઞાન પામેજ નહિં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક જીવ આત્મજ્ઞાન એક પળમાં પામે છે.

૫૦. આત્મામાં અનંતુ સુખ, અનંતુ સામર્થ્ય, અને અને અનંતી શક્તિઓનો ખજાનો ભર્યો છે, માટે ગુરૂનિશ્રાયે અંતરાયો તોડીને તે ખજાનો હસ્તગત કરો.

૫૧. સમ્યગ્જ્ઞાનને એવું પરિણમાવવું કે હર્ષ-શોકના પ્રસંગે સમસ્થિતિમાં રહી શકાય.

૫૨. કર્મના ઉદયમાં જોડાવું નહિ, અને અશુભ-નિમિત્તમાં સાવધાની રાખવી.

૫૩. દેવ, ગુરૂ, ધર્મ પર જેટલો અડગ વિશ્વાસ તેટલું સમ્યક્ત્વ નિર્મળ છે એમ સમજવું.

૫૪. સદ્-ધર્માનુરાગીઓનો સંબંધ સંસારભાવને તોડવામાં પરમ સહાયક બને છે.

૫૫. જેમ જેમ ચિત્તનું શુદ્ધિપણું થાય, તેમ તેમ ગુરૂના વચનોને વિવેકપૂર્વક હૃદયમાં સ્થિત કરી શકાય.

૫૬. જડની જંજીરો તોડવા માટે આત્મ-સામર્થ્ય કેળવવું એ પરમ આવશ્યક છે.

૫૭. ગુરૂ ગુણ ગાતાં ગાતાં ગુણમય જીવન ઘડાય છે.

૫૮. સદ્‌ગુરૂની ઓળખાણ કરી આત્મ-સમર્પણ કરતાં કરતાં માનવ-જીવન ઉન્નતિના પગથીએ ચઢે છે.

૫૯. શ્રીનવપદનું ધ્યાન નિર્મળતા કરાવનાર, દ્રઢ શક્તિ ખીલવનાર, અને અંતે સ્વઘર-સિદ્ધાલયે પહોંચાડનાર છે.

### સમાલોચના—

**શ્રી જૈન કલ્યાણ** નામના માસિકનો બીજો અંક મળ્યો છે. ઉદ્દેશને અનુસરીને માસિક પોતાનું કાર્ય કરશે તો જૈન સમાજનો આશિર્વાદ મેળવશે.

# જૈન-સમાચાર.

**દશાડા**—પૂ. આચાર્ય શ્રીચન્દ્રસાગરસૂરિજીના પરમ-વિનેય-મુનિ-શ્રીચન્દ્રકાન્તસાગરજી,. પરમ વિનેય મુનિ શ્રીચન્દ્રપ્રભસાગરજી, તથા સુવિનીત મુનિ શ્રીવિદ્યાનંદસાગરજી અત્ર પધાર્યા છે. અત્ર વ્યાખ્યાન વાણીનો લાભ જૈન-જૈનેતરો સારી સંખ્યામાં લે છે. સાધુઓના સદુપદેશથી સાધારણ ખાતાને પગભર બનાવવા માટે સકળ સંઘે વાર્ષિક પંદરસો રૂપીઆની ઉપજ થાય તેવો પ્રબંધ કર્યો છે. પો. સુ. ૧૧ થી પો. સુ. ૧૫ સુધી પાંચ દિવસનો મહોત્સવ-પૂજા-પ્રભાવના રાખવામાં આવી હતી. અને શાસનપ્રભાવના સારા પ્રમાણમાં થઇ છે. અને ચાતુર્માસ કરવા માટે સકલ સંઘે વિનંતિ કરી છે. વિહાર કરીને વિરમગામ થઈ અમદાવાદ તરફ જવાનું થશે.

**સૂરત**—અત્ર હરીપુરા ઉપાશ્રયે પૂ. આચાર્યદેવ શ્રી ચન્દ્રસાગરસૂરિજીના વરદ હસ્તે પોષ વદ ૭ ના વિજય મુહૂર્તે બપોરે સાડાબાર વાગે સાવરકુંડલે દીક્ષિત થયેલ સાધ્વી શ્રી સદ્ગુણાશ્રીજીની ઉપસ્થાપનાની વિધિ ( વડી દીક્ષાનો વિધિ ) કરવામાં આવ્યો હતો. અને સાધ્વી શ્રીસુજ્ઞાનશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાવરકુંડલાથી નૂતન દીક્ષિતાના સંસારી માતાજી-બ્હેન વિગેરે સગાંવહાલાં આવ્યા હતાં અને ચતુર્વિધ સંઘની હાજરીમાં શાસનપ્રભાવના વધે તે રીતિએ દીક્ષા થઈ હતી. તે પછી પ્રભાવના કરવામાં આવી હતી. અને મંદિરે આંગી રચાવવામાં આવી હતી.

અત્ર તામ્રપત્ર-જૈન આગમ મંદિરની વર્ષગાંઠ નિમિત્તે પાંચ દિવસનો મહોત્સવ હોવાથી શ્રીઆગમોદ્ધારક-સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને ગોપીપુરાના સંભાવિત ગૃહસ્થોની વિનંતિથી શાસન પ્રભાવના વધે તે રીતિએ પો. વ ૧૩ દિને માળીફળીયામાં મંછુભાઇ દીપચંદની ધર્મશાળાના ઉપાશ્રયે પૂ. આચાર્યદેવ ચન્દ્રસાગરસૂરિજી આદિ ઠાણા પધાર્યા હતા અને તે પ્રસંગે લાડુની પ્રભાવના કરવામાં આવી હતી. વ્યાખ્યાનમાં સારી સંખ્યામાં જનતાએ લાભ લીધો હતો. પૂ. આચાર્યદેવની માહ સુદ ૧૩ ની પદ્વી થયેલ હોવાથી તે નિમિત્તે હરીપુરા શ્રી શીતળનાથના દેહેરે પાંચ દિવસનો મહોત્સવ પૂજા-આંગી પ્રભાવના હોવાથી હરીપુરા સંઘની વિનંતિથી પુનઃ હરીપુરા ઉપાશ્રયે આવવાનું થયું છે.

મહા સુદ સાતમને મંગળવારે મીયાગામથી સ્વ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના શિષ્ય ગણી માનસાગરજી કાળધર્મ પામ્યાના સમાચાર આવતાં સંઘ સમસ્ત મળી દેવ વાંદવામાં આવ્યા હતા. આગમોદ્ધારક સંસ્થાએ તે નિમિત્તે આંગી રચાવી હતી.

**કપડવંજમાં દીક્ષા**

પૂ. મુનિ શ્રી લબ્ધિસાગરજી મહારાજના શુભ હસ્તે રાણુપુર નિવાસી હાલમાં અમદાવાદ રહેતા શ્રી હિંમતલાલભાઇના સુપુત્ર જશવંતભાઇને નાની વયમાં દીક્ષા ગ્રહણ કરવાની ભાવના થતાં કપડવણજ મુકામે આવી શેઠ શ્રી પુનમચંદભાઇને ત્યાંથી હારતોરા પહેરી ઉપાશ્રયે આવ્યા પછી પોષ વદી ૩ના દિને દીક્ષા અપાવી છે. તેઓનું પુનીત નામ 'મુનિ શ્રીજંબૂસાગરજી મહારાજ' રાખ્યું છે, અને પ.પૂ.આચાર્યદેવ શ્રીહેમસાગરસૂરીશ્વરજીના શિષ્ય તરીકે જાહેર કર્યા છે. મુનિશ્રીની વય ૧૨ વર્ષની છે. સંયમી બનેલા તે મુનિવરને તેમના સંસારી પિતાશ્રીએ કામળ આદિ વહોરાવી લાભ લીધો હતો. પ્રભાવના આદિ થયા પછી પૂ. મુનિવર્યો સાથે નૂતન મુનિશ્રી શ્રી સંઘ સહિત દેરાસરજી પધાર્યા હતા. દીક્ષા ઉપર અમદાવાદથી પૂ. મુનિરાજશ્રી અમરેંદ્રસાગરજી મહારાજ તથા બાલમુનિશ્રી મહાભદ્રસાગરજી મહારાજ પધાર્યા છે.

**મીયાગામ**—સ્વ૦ આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના શિષ્યરત્ન શ્રીમાનસાગરજી ગણિ માહ સુદ ૫ તા. ૮-૨-૫૩ને સોમવારે સાંજે સવા ૭ વાગે કાળધર્મ પામ્યા છે. દીક્ષાપર્યાય ૪૪ વર્ષનો હતો. અંતિમ વોસિરાવવાની ક્રિયા તેમના શિષ્ય ચંપકસાગરજીએ કરીને શ્રી સંઘને સુપરત થયેલ. તેઓની ભવ્ય સ્મશાન યાત્રા શ્રેષ્ઠિ ઝવેરચંદ નેમચંદના નેતૃત્વ હેઠળ માહ સુદ ૬ ની સવારે કાઢવામાં આવી હતી. અગ્નિ સંસ્કારની ક્રિયા ઉછામણી પૂર્વક રતીલાલ જીવચંદે કરી હતી. આ અવસરે લગભગ છસો રૂપીઆની ઉપજ થઇ હતી. કરજણ સંઘના ભાઇઓ એ સારો લાભ લીધો હતો અને શ્રી સંઘ સાથે મળી દેવવંદન કર્યું હતું. સ્વર્ગસ્થ ગણિના નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવાનું નક્કી થયું છે.

# શ્રી મનહરલાલ કસ્તુરચંદ ચોકસી ખુલાસો કરે.

લે. મુનિ-હંસસાગર.
જૈન ઉપાશ્રય-ચોગઠ (સૌરાષ્ટ્ર)
તા. ૨૩-૧-૫૪ શનિવાર.

ભાઇશ્રી ! તમે તા. ૧૧-૧-૫૪ ના મુંબઇ સમાચારમાં લખેલ લેખનો છેલ્લો પેરેગ્રાફ, જૈનસમાજમાં જે ગેરસમજ ફેલાવવા સારૂજ ન લખ્યો હોય તો નીચેના સમસ્ત પ્રશ્નોનો પ્રશ્નો પૂરતોજ ખુલાસો અઠવાડીયામાં આ પત્રમાંજ આપો.

તમે લખ્યું કે—"હમણાં હમણાં સિદ્ધચક્ર માસિકમાં દેખા દેતા વેષધારી 'અર્હત્તિથિભાસ્કર' ને અનુલક્ષી આ. શ્રી જંબૂસૂરિજી ઉપર યદ્વા તદ્વા આક્ષેપો કરે છે." તમારા તે લખાણ પરથી મ્હેં સિદ્ધચક્ર માસિકના છેલ્લા ૩ અંક તપાસ્યા. તેમાં 'એક પણ વેષધારીસંજ્ઞક લેખ નથી. આર્હત્તિથિભાસ્કરને અનુલક્ષીને એક પણ લખાણ નથી અને આ. શ્રી જંબુસૂરિજીના નામે એક પણ આક્ષેપ નથી.' આથી તમારા તે સદંતર અસત્ય જણાતા લખાણ બદલ પ્રમાણિક ઠરવા શું આધાર છે ?

આગળ વધીને તમે-'તેઓશ્રીએ સદર પુસ્તકનો અનુવાદ કર્યો નથી, એ સાચી હકીકત છે" એમ લખવા વડે અર્હત્તિથિભાસ્કરાનુવાદના કર્તાને તમે જાણો છો; એમ નક્કી કરી આપો છો. છતાં તે અનુવાદકનું નામ કેમ છૂપાવો છો ?

તે ચોપડીમાં અનુવાદકનું નામ, છાપ્યાનો ચાલુ સાલનો સંવત, પ્રાપ્તિસ્થાન વગેરે તો છાપવામાંજ નથી આવ્યું, તે તો તમે જાણોજ છો; અને પ્રકાશક તરીકે નામ અપાયું છે તે પણ બીનહયાત વ્યક્તિનુંજ નામ અપાયેલું છે ને ? આવી એ ધણીધોરી વિનાની ચોપડીને કૌભાંડ મનાવવાને બદલે તમારે શાસનમાન્ય-શાસન-જયપતાકાને કૌભાંડ કેમ દર્શાવવી પડી ?

'પર્વતિથિ નિર્ણય' લખમીચંદ હીરજીના કેસથી તર્કટી હોઈ પ્રચાર કરવાને લાયક રહ્યો નથી, એમ જે તમે લખ્યું છે તે જો દ્વેષપૂર્વક અસત્ય ન હોય તો જણાવો કે-તે વ્યક્તિએ કરેલ કેસ તે પુસ્તક ઉપર હતોજ નહિં, પરંતુ તે પુસ્તકમાંના તેમના બે પત્રો પૂરતોજ હતો, એ વાત તમે જાણો છો, છતાં તેટલા માત્રથી સમગ્ર શાસનપક્ષના અવાજ તરીકેના તે આખાયે ગ્રંથને તમે તર્કટી આદિ કહેવા બહાર આવ્યા, તે શહેરમાં એકાદ બે દેવાળીયાને દેખી સમસ્ત નાગરિકોને દેવાળીયા તરીકે પ્રચારવા માંડવા જેવું વાહિયાત નથી ? તમે ભરૂચના છો, આ. શ્રીજંબુસૂરિજી સુરત છે અને તમે તે લેખ પણ સુરતથી લખ્યો છે, તે કેમ ?

**તા. ક :**—આ લેખની નકલ તા. ૨૩-૧-૫૪ ના રોજ મું. સ. પત્રને પ્રસિદ્ધિ અર્થે મોકલી છે.

---

**સમાલોચના**—'**મુંબઈનો સાર્વજનિક ટ્રસ્ટનો કાયદો**" આ નામના પુસ્તકના લેખક વકીલ કેસરીચંદ નેમચંદ શાહ છે. ટ્રસ્ટનો વહીવટ કેમ રાખવો અને ટ્રસ્ટીઓની શી ફરજો છે વિગેરે માહિતી ગુજરાતીમાં આપેલ છે. એક નકલના કિં. રૂ. ૪-૫-૦. પ્રાપ્તિસ્થાન—ચન્દ્રકાન્ત ચીમનલાલ વોરા, ઠે. ૬૨/૬૩, ગાંધીરોડ, મુ૦ અમદાવાદ.

# તિથિચર્ચાનો અંત નકામો દાબી રખાય છે.

લે : મુનિ હંસસાગર.

જૈન ઉપાશ્રય-ચોગઠ (સૌરાષ્ટ્ર)
તા. ૧૦-૨-૫૪ બુધવાર

તા. ૪-૨-૫૪ ના મુંબઇ સમાચારમાંની **જૈન ચર્ચા**ના લેખક 'જૈન'ના કહેવા મુજબ સમાજમાં સં. ૧૯૯૨ થી કલેશ પ્રસારનાર તિથિચર્ચાનો અંત તો સં. ૨૦૦૧ થીજ આવી ગયો છે, પરંતુ કેટલાક મતાગ્રહી અને કેટલાક સ્વાર્થ સાધુજનો તરફથી તિથિચર્ચાના તે સચોટ અંતને યદ્વા તદ્વા લખાણો કરતાજ રહેવા દ્વારા નકામો દાબી રખાય છે, જે શોચનીય છે.

મજકુર જૈનચર્ચામાં પણ તિથિચર્ચા બાબતનું લખાણ સમજફેર આદિ કારણે અસંબદ્ધ-અધુરૂં અને ગેરસમજ ફેલાવનારૂં રજુ થવા પામ્યું છે. તે જૈન ચર્ચામાંની 'શેઠ ક. લા. ને બંને આચાર્યે સહી આપીને શ્રી વૈદ્યને લવાદ તરીકે સ્વીકાર્યા હતા' એ વાતની સાથે **'પરંતુ ચુકાદામાં થએલ ગરબડની જાહેરાત, અદાલતમાં પણ ખોટી ઠરી શકી નહિં, તેથી તે ચૂકાદો અપ્રમાણિક લેખાવા પામ્યો.'** એટલું તથ્ય રજુ થવું જોઇતું હતું.

'એ ચૂકાદાનો કાયદાની અદાલતમાં જઇને કોઇપણ પક્ષે અસ્વીકાર કર્યો નથી' એ વાતની સાથે **'તેનું કારણ એ છે કે-તે લવાદને કાયદાની અદાલતે નીમેલ ન્હોતો. આમ છતાં તે ચૂકાદો માનનાર વર્ગે તે ચૂકાદાનો કાયદાની અદાલતે જઇને સ્વીકાર કર્યો હોત, તો તેના માટે તો તે ચૂકાદો ય જ્યારે ત્યારે ઉપયોગી નીવડત ?** એટલું તથ્ય રજુ થવું જોઇતું હતું.

'કેટલાક ખોટા પત્રો છાપીને એ ચૂકાદાનો અસ્વીકાર કરનારાઓને પણ શ્રી લક્ષ્મીચંદ હીરજીએ પડકાર કરતાં એ પત્રો બનાવટી હોવાથી અને ખરા હોવાની સાબિતી નહિં આપવાથી માંડવાળ થઇ.' એ વાતની સાથે **'એવો પ્રચાર હતો, પરંતુ તેઓએ એક પણ પત્ર ખોટો છાપ્યો હોવાનું અદાલતમાં પણ સાબિત થઈ શક્યુંજ નહીં તેથી માંડવાળ થવા પામી, એજ સત્ય હકીકત છે'** એટલું તથ્ય રજુ થવુંજ જોઇતું હતું.

'અર્હંત-તિથિ-ભાસ્કર નામનો કાશીના એંશીથી વધુ પંડિતોએ બહાર પાડેલો ગ્રંથ, લગભગ ત્રણ વર્ષથી પ્રગટ થયા છતાં કોઇએ પણ તેને પડકાર કર્યો નથી' એ વાતની સાથે **'તેમજ તે ગ્રંથ જેઓને ઈષ્ટ છે, તેઓએ પણ તે ગ્રંથનો જાહેર રીતે સ્વીકાર કરવાનું તો અદ્યાપિ પર્યંત વ્યાજબી માન્યું નથી ! જે તે સ્થળોના ભંડારોમાં પણ તે ગ્રંથને બહુધા છૂપી રીતેજ ઘુસાડી દીધેલ છે !'** એટલું તથ્ય રજુ થવુંજ જોઇતું હતું. શ્રી જૈને તે જૈનચર્ચામાં એટલી તથ્ય વાતો રજુ કરી હોત તો જૈન સમાજની સત્ય અને સુંદર સેવા બજાવી લેખાત, અને તિથિચર્ચાનો આવી ગયેલો અંત જનતાના ખ્યાલમાં સ્હેજે આવી શકત.

**તા. ક:**—આ લેખની નકલ તા. ૧૦-૨-૫૪ ના રોજ મું. સ. ને પણ પ્રસિદ્ધિ અર્થે મોકલી છે.

(ટાઇટલ પેજ ૪ થી ચાલુ)

૧૦૪૨. દેવ-તત્ત્વની આરાધનામાં અને ગુરૂતત્ત્વની આરાધનામાં વય-અવસ્થા-કૂલ સંપત્તિ-સ્વામિત્વ-ઠકુરાઇ-સત્તા અને વૈભવના આધારે ભક્તિ કરાતી નથી, પરંતુ દેવત્ત્વના ગુણો અને ગુરૂત્ત્વના ગુણોને આધારે ભક્તિનું નિયમન છે.

૧૦૪૩. દેવ-ગુરૂની ભક્તિ ફલદાયક છે, પરંતુ દેવ અગર ગુરૂ પોતે ભક્ત પ્રત્યે ફલદાતા નથી.

૧૦૪૪. જૈનેતરો પણ માનેલા દેવની ભક્તિ કરે છે, પરંતુ ફલદાતા ભક્તિ નથી, પણ ભગવંતો છે એ માન્યતા જૈનેતરોના ઘરની છે.

૧૦૪૫. ક્ષાયોપશમિક ભાવો એ આકસ્મિક પ્રાપ્ત થનારા પદાર્થો નથી, પરંતુ પ્રબળ પ્રયત્ને પ્રાપ્ત થનારા પદાર્થો છે.

૧૦૪૬. દરેક સંપદાઓનું મૂળ ધર્મ છે, અને ધર્મ રહેશે તો સંપદાઓ નવેસરથી મળશે, ટકશે અને વધશે; એટલે ધર્મ હશે તો બધું રહેશે અને ધર્મ જશે તો બધું ચાલ્યું જશે. જેવી રીતે વૃક્ષ પરથી ડાળાં-ડાળી ફળ-ફુલ-પાંદડાં લઈ લીધાં છતાં મૂળીઆં અખંડ રહે તો નવેસરથી ડાળાં-ડાળી-ફળ-ફુલ-પાંદડાં તૈયાર થાય છે એ દૃષ્ટાંત ધર્મના રક્ષણ માટે યાદ રાખો.

૧૦૪૭. સોનું-ચાંદી-હીરા-પન્નાની કિંમત જેવી મગજમાં ઠસેલી છે, તેના ક્રોડમા હિસ્સે દેવ-ગુરૂ-ધર્મની કિંમત સમજ્યા નથી, સમજવાનો પ્રયત્ન કર્યો નથી, અને સમજીને મગજમાં દેવ-ગુરૂ ધર્મની કિંમત સ્થિર કરીજ નથી.

## નૂતન-પ્રકાશન.

**શ્રી આનન્દ-ચન્દ્ર સુધાસિન્ધુનો વિભાગ-૪ થો બહાર પડે છે. આ નૂતન ગ્રંથ પ્રકાશનમાં સ્વ૦ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીની** શ્રી નવપદ પર અમોઘ-દેશનાઓ છે. આ દેશનાઓ વિ. સં. ૨૦૦૨ના આશ્વિન માસમાં સુરત મુકામે શ્રાહરિપુરાના ઉપાશ્રયે આપેલ હતી, અને તેનો સંચય મુનિશ્રી સૌભાગ્યસાગરજી પાસેથી મેળવીને પૂજ્ય **આચાર્ય દેવ શ્રીચન્દ્રસાગર-સૂરિજી** પાસે વાંચવામાં વાંચકોને સુલભ પડે તે હેતુથી પેરેગ્રાફાદિ સુધારા-વધારા સાથે તૈયાર કરાવેલ આ ગ્રંથ છે. આ ગ્રંથને પ્રકાશન કરવામાં પૂર્ણ આર્થિક સહાય આપનાર સ્વ. નગીનદાસ કપૂરચંદ જરીવાળાના પૌત્રો-**છોટાલાલ, મદનલાલ, રસિકલાલ અને દીનેશચંદ** છે, અને ચારે પૌત્રોએ મળી પોતાના સ્વર્ગસ્થ પિતા-કાકાના સ્મરણાર્થે આ ગ્રંથની પાંચસો નકલ છપાવીને ઉજ્જૈન-માળવા શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી દ્વારા પ્રસિદ્ધ કરાવ્યો છે. આ ગ્રંથનો વધુ પ્રચાર થાય તે ઉદાર હેતુથી સ્વર્ગસ્થ મુનિશ્રી સુબોધસાગરજીની સ્મૃતિ માટે પ્રકાશિકા-પેઢીને અઢીસો નકલો વધુ કાઢવાની સંમતિ આપેલ છે. આ હેતુથી અઢીસો કોપીના કાગળ અને બાઇન્ડીંગ વિગેરેનું ખર્ચ નગીનદાસ પુનમચંદ માંડવીવાળા, શા. લલ્લુભાઈ લાલચંદ સુખડીયા (હેમચંદ વીરચંદ સુખડીયાવાળા), શા. સૌભાગચંદ નાનાભાઈ લાકડાવાળા, અને કાપડીઆ ચુનીલાલ દીપચંદ ભાવનગરવાળાએ આપેલ છે. અને તે અઢીસો કોપીએ સ્વર્ગસ્થ મુનિના પુણ્ય સ્મરણાર્થે આપવાનું શરૂ થયેલ છે.

# સુધા-વર્ષા.

આલેખનકારઃ—પૂજ્ય આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિજી મહારાજ.

૧૦૩૧. ઉત્સાહને જાગતો-જીવતો રાખવો એ વિવેકિયોનું આવશ્યક કર્તવ્ય છે.

૧૦૩૨. વિશ્વના હરેકે હરેક માણસ પોતાનું મહત્ત્વ અને પોતાની પ્રશંસા ઇચ્છે છે, માટે નાના અગર મોટા માણસનું અપમાન કરતાં પહેલાં સાવધાન બનો.

૧૦૩૩. કોઇની પાસે તમારી ધારણા મુજબનું ધાર્યું કામ કરાવવું હોય તો તમારા પ્રત્યે અનહદ લાગણી તેના હૃદયમાં ઉત્પન્ન થાય તેવું કર્યાંજ કરો.

૧૦૩૪. ટીકા કરનારાઓ જેની ટીકા કરે છે, તેઓની પાસેથી તેઓ દુશ્મનાવટની ખરીદી કરે છે.

૧૦૩૫. બીજાને સુધારવા કરતાં પોતાની જાતને સુધારવા માટે અખંડ પ્રયત્નશીલ બનો.

૧૦૩૬. "બીજાએ તમારો ઈન્સાફ કરેજ નહિં" એવું તમે જેમ ઇચ્છો છો, તેવી રીતે તમે બીજાઓના ન્યાયને ચુકાવવાની ખટપટમાં પડો નહિં.

૧૦૩૭. "કોઈ પણ ગુન્હો કરનારે ગુન્હો કરીને તુરત નોંધાવવું નહિં અને ટીકા પણ કરવી નહિં" એ જર્મન લશ્કરનો મનાઈ હુકમ હતો, અને નોંધાવવું હોય તો ઉંઘીને નોંધાવવું; આ પ્રસંગ ગંભીરતા પૂર્વક વિચારણીય છે.

૧૦૩૮. છટાદાર બોલીને લોકોને આકર્ષવા એ આજે કીર્તિ કમાવવાનો ટુંકો અને સરળ રસ્તો છે, પણ બોલવા પ્રમાણે વર્તનારા થોડા છે.

૧૦૩૯. પ્રશંસા પ્રમાણિક છે, અને ખુશામત અપ્રમાણિક છે એમ સમજવું નહિં, કારણ કે ઘણા પ્રસંગોમાં પ્રશંસા પાપવર્ધક અપ્રમાણિક ઠરી ચુકી છે, અને ખુશામત સુખ-શાંતિ-આનંદદાયક પ્રમાણિક ઠરી છે.

૧૦૪૦. બકીંગહામ પેલેસનો મુદ્રાલેખ નીચે પ્રમાણે છે. "સસ્તી કીર્તિ સંપાદન કરવી હેય તો ખુશામત કરો." પરંતુ વાસ્તવિક પ્રશંસનને નહિં પિછાણુનારાઓ પ્રશંસાને ખુશામત તરીકે ઓળખાવે છે એ ભયંકર ગુન્હો છે.

૧૦૪૧. દેવ-ગુરૂ-ધર્મસ્વરૂપ તત્ત્વત્રયીની માન્યતામાં જૈન-જૈનેતરો વચ્ચે જમીન-આસમાન જેટલું અંતર છે.

( વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જું. )

મુદ્રકઃ—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તન્ત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, ૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ-મુંબઇ